જુલાઇ-૨૦૨૪
વર્ષ : ૧૭
અંક : ૦૧
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)




વડોદરા મધ્યે આયોજીત મહાસભાની તત્કાલ સામાન્ય સભાનું દિપ પ્રાગટ્ય કરતા સંતશ્રીઓ, 'સમાજરત્નશ્રી' એવં મહાસભા, અ.ભા.મહિલા મહામંડળ, ગુજરાત પ્રાદેશિક સમિતિ એવં વડોદરા ઘટકના હોદ્દેદારશ્રીઓ...




વડોદરા મધ્યે આયોજીત મહાસભાની તત્કાલ સામાન્ય સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવોનું અનુમોદન કરતાં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના કાર્યવાહક પ્રમુખશ્રી ડૉ. મનોજભાઇ સોલંકી, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને મહાસભાના મંચસ્થ મહાનુભાવશ્રીઓ...

પધારો વારાણસી પધારો વારાણસી પધારો વારાણસી

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની સભા

વારાણસી (ઉત્તરપ્રદેશ)

તારીખ : ૦૭ અને ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૪, શનિવાર, રવિવાર

અયોધ્યામાં શ્રી રામલલ્લાના દિવ્ય દર્શન

શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગના દિવ્ય દર્શન

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૧ જુલાઈ-૨૦૨૪



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઇ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## સ્વાગતમ્.... સ્વાગતમ્.... સ્વાગતમ્....



## 'સમાજરત્ન'
## શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
## નવનિયુક્ત પ્રમુખશ્રી, મહાસભા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના નવનિયુક્ત પ્રમુખ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ટીમ 'સેતુ સમાજ સંદેશ' વતીથી જાહેર અભિવાદન... સમસ્ત સમાજને એક સુત્રમાં બાંધી રાખનાર અને સમાજની દરેક ગતિવિધિઓને દરેક સમાજબંધુઓ સુધી પહોંચાડવાનું કાર્ય કરતું આપણા સૌનું મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ'ની નવી ટીમ મુખપત્રને તટસ્થ રીતે પ્રકાશીત કરવા સંપૂર્ણ કટીબદ્ધ રહેશે તેવી ખાતરી આપીએ છીએ.

પ્રિન્ટીંગ, કંપોઝીશનના ભાવોનો તોતિંગ વધારો અને મુખપત્રનું સંચાલન આ બન્ને પાસાને સમતોલ રાખવા યોગ્ય દિશામાં ચિંતન જરૂરી બની ગયું છે. છેલ્લા બે વર્ષ દરમ્યાન મુખપત્રનો તોટાળો વ્યવસ્થા અને સંચાલનના નવા વિકલ્પો શોધવા તરફ દિશા નિર્દેશ કરે છે તેવું જણાઇ રહ્યું છે કારણ કે કોઇપણ સમાજના મુખપત્ર માટે આટલો બધો તોટાળો લાંબાગાળે ખુબજ નુકશાનકારક થઇ પડે તેવું જણાઇ રહ્યું છે. ટીમ 'સેતુ સમાજ સંદેશ' આ બાબતો પર પૂરતો વિચાર કરશે તેવી ખાતરી આપું છું.

હાલના સમયમાં પોસ્ટીંગની ફરીયાદો અને અંકો પાછા મળવાની સંખ્યા વધતી જ જાય છે તે પણ ચિંતાનો વિષય બની રહ્યો છે. આ દિશામાં પણ આપણે વિચારી રહ્યા છીએ અને મને આશા નહીં પરંતુ સંપૂર્ણ વિશ્વાસ છે કે મુખપત્ર સરળતાથી ચાલી શકે તે માટે હાથ ધરવામાં આવેલ યોગ્ય પગલાઓને આપ સૌ સ્વીકારશો અને આપણી રાષ્ટ્રીય માતૃ સંસ્થા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની આન, બાન અને શાન વધારવા તેમજ મુખપત્રની ગરિમા જળવાઇ રહે તેવા પ્રયત્નોમાં આપ સૌ સમાજબાંધવોનો સંપૂર્ણ સહકાર મળી રહેશે... જય સમાજ... જય સીયારામ...

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

# વડોદરા ઘટકને આંગણે આયોજીત મહાસભાની તત્કાલીન સામાન્ય સભાની તસવીરો...


















# વડોદરા ઘટક આયોજીત મહાસભાના નવનિર્વાચીત પ્રમુખશ્રીનો અભિવાદન સમારોહની તસવીરો





|| જય સીયારામ ||

# || હાર્દિક અભિનંદન ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – માધાપરનું ગૌરવ

**‘સમાજરત્ન’**

## શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

**નવનિર્વાચીત પ્રમુખ**

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાષ્ટ્રીય મહાસભા**

આપની શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (રાષ્ટ્રીય) મહાસભાની તા. ૦૯/૦૬/૨૦૨૪ ના વડોદરા મુકામે યોજાયેલ તત્કાલ સામાન્ય સભામાં સત્ર ૨૦૨૪ થી ૨૦૨૬ માટે સર્વાનુમતે પ્રમુખ તરીકે નિર્વિરોધ વરણી થયેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...

સમાજ માટે હંમેશા તત્પર, સામાજિક તેમજ ધાર્મિક ભાવનાને વરેલા, ભારતભરના તમામ સમાજબંધુઓના દિલમાં વસેલા નિરાધારો ને માસિક સહાય, ઘટકોના ભવન નિર્માણ અને શિક્ષણ સંસ્થાઓ, છાત્રાલયો માટે આર્થિક સહાય તેમજ વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈ સફળ કાર્યો કરેલ છે. આપના આધ્યાત્મિકતા, આત્મીયતા, સભ્યતા અને એક રૂપતા જેવા ગુણોથી સમાજમાં બૌદ્ધિકતા અને સમાજિકતાનું સિંચન કરતા આવ્યા છો.

પરમ આદરણીય શ્રીમાન આપશ્રીના ઉચ્ચ વિચાર દિવ્ય અને ચૈતન્ય નેતૃત્વ તેમજ વડીલો અને ગુરુજનોના આશીર્વાદથી સમાજને નવી દિશા અને દશા મળશે અને સમાજ  નવી ઉચ્ચાઈઓ સર કરશે સમાજ ઉત્કર્ષ ના કાર્યો કરી વસુધૈવ કુટુંબકમની ભાવના થી મહાસભા ને ખૂબ જ સફળ રીતે આગળ લઈ ઉચ્ચતમ શિખરો પ્રાપ્ત કરો તેવી અંતર મનની હાર્દિક શુભકામના સાથે આપ હંમેશા સ્વસ્થ અને નિરોગી રહો એવી  મા આશાપુરને પ્રાર્થના અને  શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – માધાપર ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે

જય સમાજ... જય સીયારામ... જયશ્રી કૃષ્ણ...

:: શુભેચ્છક ::

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક**

**માધાપર મહિલા મંડળ    માધાપર યુવા મંડળ**

**માધાપર યુવતી મંડળ એવં**

**સમસ્ત માધાપર ઘટકના સર્વે સમાજબંધુઓ**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક

|| જય સમાજ ||

સહ વીર્યં કરવાવહૈ

## || હાર્દિક અભિનંદન ||

|| જય સીયારામ ||





## 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

### નવનિર્વાચીત પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની તા. ૯/૬/૨૦૨૪ના વિશેષ સામાન્ય સભામાં 'સમાજરત્ન' થી વિભુષિત શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીની સર્વસંમતિથી મહાસભાના પ્રમુખશ્રી તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ આત્મિય શુભેચ્છાઓ...

હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટકના દરેક સભ્ય આપનો સમાજ પ્રત્યેનો પ્રેમ અને સમાજ સેવાની લાગણીને વંદન કરી અભિનંદન પાઠવે છે. આપના નેતૃત્વમાં આપણા સમાજનો સર્વાંગી વિકાસ થશે એવી અભિલાષા સહ હાર્દિક શુભકામનાઓ....

**શુભેચ્છક : હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટકના માનનીય સેવાભાવી સદસ્યગણ તથા પદાધિકારીઓ**

**ઘટકના પદાધિકારીશ્રીઓ :**

| | |
|---|---|
| શ્રી યોગેશભાઈ પુ. પરમાર | પ્રમુખ |
| શ્રી મુકેશભાઈ અ. ટાંક | ઉપપ્રમુખ |
| શ્રી પરેશભાઈ મુ. સોલંકી | ઉપપ્રમુખ |
| શ્રી સ્નેહલભાઈ જેઠવા | મંત્રી |
| શ્રી ગોપાલભાઈ ચાવડા | સહમંત્રી |
| શ્રી દિનેશભાઈ ચાવડા | ખજાનચી |
| શ્રી દિપકભાઈ ચાવડા | સહ ખજાનચી |

**મહિલા મંડળના પદાધિકારીઓ :**

| | |
|---|---|
| શ્રીમતી હર્ષાબેન મે. સોલંકી | પ્રમુખ |
| શ્રીમતી સંગીતાબેન અ. સોલંકી | ઉપપ્રમુખ |
| શ્રીમતી શીલાબેન રા. ચૌહાણ | ઉપપ્રમુખ |
| શ્રીમતી મનીષાબેન વી. ખોડિયાર (પટેલ) | મંત્રી |
| શ્રીમતી મંજુબેન રા. સોલંકી | ખજાનચી |
| શ્રીમતી રક્ષાબેન તુ. ટાંક | સહમંત્રી |
| શ્રીમતી ગીતાબેન ચાવડા | સહમંત્રી |
| શ્રીમતી વનીતાબેન ની. ચાવડા | સહમંત્રી |

**વરીષ્ઠ સલાહકાર સમિતિ :**

| | |
|---|---|
| શ્રી સુનિલભાઈ વિશ્રામભાઈ ચાવડા | સલાહકાર |
| શ્રી વિનોદભાઈ વ. પરમાર | સલાહકાર |
| શ્રી ડૉ. દિલીપભાઈ ટાંક | સલાહકાર |
| શ્રી શિવભાઈ ર. ચાવડા | સલાહકાર |
| શ્રી નિરંજનભાઈ ર. ચાવડા | સલાહકાર |
| શ્રી જીતેશભાઈ ચૌહાણ | સલાહકાર |

**યુવા મંડળના પદાધિકારીઓ :**

| | |
|---|---|
| શ્રી શરદભાઈ ચાવડા | પ્રમુખ |
| શ્રીમતી ભાવિતા પ. ચાવડા | ઉપપ્રમુખ |
| શ્રી સમીરભાઈ ચાવડા | મંત્રી |
| શ્રી કરણભાઈ ચાવડા | સહમંત્રી |
| શ્રી હર્ષિત ટાંક | ખજાનચી |
| શ્રીમતી રાગીની ચૌહાણ | સહ ખજાનચી |

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



## સમાજ રત્નશ્રી

## આદ. શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી

## આપણી મહાસભાના પ્રમુખશ્રી પદ પર સર્વસમતિથી આસીન થવા બદલ

## હાર્દિક શુભેચ્છાઓ

## સ્વાગત - વંદન - અભિનંદન

## જબલપુર ઘટક આપનું સ્વાગત-વંદન-અભિનંદન કરે છે



કિરીટ ખીમજીભાઈ રાઠોડ
ઘટક પ્રમુખ / પ્રતિનિધિ



ગં.સ્વ. ચંચલબેન અરવિંદભાઈ યાદવ
મહિલા મંડળ પ્રમુખ



હેતુલ યતીનભાઈ જેઠવા
યુવા મંડળ પ્રમુખ



નરેશ નરસીભાઈ રાઠોડ
ઉપપ્રમુખ / પ્રતિનિધિ



પ્રકાશ નટવરભાઈ ટાંક
મંત્રી / પ્રતિનિધિ



રાજેશ નરસીભાઈ ચૌહાણ
કેશિયર / પ્રતિનિધિ



લલિત ગોપાલજીભાઈ પરમાર
પ્રતિનિધિ



રાકેશ ગોપાલજીભાઈ પરમાર
સહમંત્રી / પ્રતિનિધિ



વિજય હરિલાલભાઈ પરમાર
સહમંત્રી / પ્રતિનિધિ



પ્રકાશ હરિરામ ભાઈ રાઠોડ
પ્રતિનિધિ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા પ્રાદેશિક સમિતિ - કચ્છ

|| જય સમાજ || નારી શક્તિ... જિન્દાબાદ... || જય સીયારામ ||

## || અભિનંદન... શુભકામના ||



## ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

### પ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાષ્ટ્રીય મહાસભા

વડોદરા મુકામે આપણી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખશ્રી તરીકે સર્વાનુમતે વરણી થવા બદલ આપશ્રીને અમો સૌ બહેનોની અંતરની શુભકામના અને હૃદયથી અભિનંદન...

સમાજના દરેક સેવા કાર્યોમાં અને વિશેષ રૂપે અમારા દરેક આયોજનો તથા સેવા કાર્યોમાં આપના તરફથી મળતા આત્મિય સહયોગ બદલ ખુશી વ્યક્ત કરી આપના પ્રમુખ પદ હેઠળ ખુબ સારા સેવા કાર્યો થાય તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.. જય સમાજ.. જય સીયારામ... જય નારી શક્તિ.




:: શુભેચ્છક ::

| | | | |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ | સલાહકારશ્રી | શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી |
| સલાહકાર પ્રમુખશ્રી | શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઈ વેગડ | સલાહકારશ્રી | શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઈ ટાંક |
| ચેરપર્સનશ્રી | શ્રીમતી ઈલાબેન અનંતભાઈ ચાવડા | સલાહકારશ્રી | શ્રીમતી નીતાબેન વિનોદભાઈ સોલંકી |
| ઉપપ્રમુખશ્રી | શ્રીમતી તારાબેન રમેશચંદ્રભાઈ ટાંક | સલાહકારશ્રી | શ્રીમતી ભાવનાબેન ટાંક |
| ઉપપ્રમુખશ્રી | સવિતાબેન જયંતીલાલભાઈ ચૌહાણ | સલાહકારશ્રી | શ્રીમતી દક્ષાબેન ચાવડા |
| ઉપપ્રમુખશ્રી | સુ શ્રી શારદાબેન કાનજીભાઈ રાઠોડ | સલાહકારશ્રી | શ્રીમતી અનસુયા બેન પરમાર |
| ઉપપ્રમુખશ્રી | શ્રીમતિ સંગીતાબેન રાઠોડ | સલાહકારશ્રી | શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઈ જેઠવા |
| મહામંત્રીશ્રી | શ્રીમતી ઉષાબેન નવીનભાઈ ચૌહાણ | સલાહકારશ્રી | શ્રીમતી નિર્મળાબેન ચાવડા |
| મંત્રીશ્રી | શ્રીમતી ચંદ્રિકાબેન ધીરેનભાઈ ટાંક | સહમંત્રીશ્રી | શ્રીમતિ અનિતાબેન ટાંક |
| મંત્રીશ્રી | શ્રીમતી ધનલક્ષ્મી બેન હરીશભાઈ ટાંક | સહમંત્રીશ્રી | શ્રીમતી કોકીલાબેન દિનેશભાઈ વરુ |
| સહમંત્રીશ્રી | શ્રીમતી કીર્તિકાબેન પરમાર | કોષાધ્યક્ષશ્રી | શ્રીમતિ મીનાબેન જયેશભાઈ ચૌહાણ |

**તેમજ કચ્છ પ્રાદેશિક અંતર્ગતના અંજાર, ભુજ, નાગોર, માધાપર, કુકમા, હાજાપર, રેહા, નાગલપર, સિનોગ્રા, ખંભરા, લોહારીયા, ચંદિયા, દેવળિયા, આદિપુર, ગાંધીધામ, ખેડોઈ, મુન્દ્રા, માંડવી, કુંભારીયા, ગળપાદર મહિલા મંડળના બહેનો તરફથી હાર્દિક શુભકામનાઓ...**

|| જય સમાજ ||    || જય સીયારામ ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – ભુજ

## હાર્દિક અભિનંદન



## 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી – માધાપર

### નવનિર્વાચીત પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

આદરણીય શ્રી... વડોદરા મુકામે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખશ્રી તરીકે આપની થયેલ ગરિમામય નિયુક્તિ બદલ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – ભુજ ઘટકના તમામ સમાજબાંધવો ખુબજ હર્ષની લાગણી અનુભવે છે અને આપશ્રીને અંતરની શુભકામના પાઠવે છે. ભુજ ઘટકના હિતેચ્છુ, માર્ગદર્શક અને વંદનિય એવા આપશ્રીના પ્રમુખ પદ હેઠળ સમાજનો ખૂબ ઉત્કર્ષ થાય... ભુજ ઘટકના સમાજબાંધવોના સ્વપ્ન સમાન ''સમાજ ભવન''નું નિર્માણ આપના આશીર્વાદથી શક્ય બને તેવી શુભકામના... શુભકામના... જય સીયારામ...

:: શુભેચ્છક ::


| | | |
|---|---|---|
| **શ્રી ડૉ. દેવેન્દ્રભાઈ પરમાર**<br>પ્રમુખ, ભુજ ઘટક | **શ્રીમતી રીટાબેન ચૌહાણ**<br>પ્રમુખ, ભુજ મહિલા મંડળ | **શ્રી સ્નેહલભાઈ પરમાર**<br>પ્રમુખ, ભુજ યુવા મંડળ |
| **શ્રી વિનોદભાઈ ચૌહાણ**<br>ઉપપ્રમુખ, મહાસભા | **શ્રીમતી અમિતાબેન સોલંકી**<br>પ્રભારી, મેરેજ બ્યુરો, મહાસભા | **શ્રી દિપકભાઈ ચૌહાણ**<br>પ્રમુખ, ભુજ વિદ્યાર્થી ભવન |

તથા હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સમિતિના સભ્યો...

|| જય સમાજ ||    || જય સીયારામ ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – રેહા

## હાર્દિક અભિનંદન



## 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

### પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ શ્રી તરીકે આપની વરણી થવા બદલ રેહા ઘટક, યુવા મંડળ તથા મહિલા મંડળ તરફથી આપને હાર્દિક અભિનંદન...

ઘટકના આર્થિક રીતે નબળા પરિવારોને નિયમિત રીતે સહાય આપવાની સાથે મંદિરોના નવિનીકરણ, ઉત્સવ ઉજવણી, સંચાલન ગૌ સેવા તથા અન્ય વિકાસ કાર્યોમાં આપના તરફથી મળતા સહયોગ બદલ અમે આપના આભારી છીએ. આપશ્રીના નેતૃત્વ હેઠળ મહાસભા ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામના...

જય સમાજ... જય સીયારામ...

:: શુભેચ્છક ::

| | | |
|---|---|---|
| **શ્રી પ્રકાશભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ**<br>પ્રમુખ, રેહા ઘટક | **શ્રી રોમેશ મહેશભાઈ ચૌહાણ**<br>પ્રમુખ, રેહા યુવા મંડળ | **શ્રીમતી કલ્પનાબેન દિલીપભાઈ ચૌહાણ**<br>પ્રમુખ, રેહા મહિલા મંડળ |
| **શ્રી ભવાનભાઈ ધરમશીભાઈ વેગડ**<br>પૂર્વ પ્રમુખ, રેહા ઘટક | **શ્રી દિલીપ લાલજીભાઈ ચૌહાણ**<br>પૂર્વ પ્રમુખ, રેહા યુવા મંડળ | **શ્રીમતી મંજુલાબેન મોહનલાલ ચૌહાણ**<br>પૂર્વ પ્રમુખ, રેહા મહિલા મંડળ |

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**
**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

## પ્રમુખ સ્થાનેથી...

જય સમાજ... આપ સૌ સમાજબાંધવોને નમસ્કાર...

સવિનય સાથે જણાવવાનું કે, આપ સૌ સમાજબાંધવો દ્વારા મહાસભાના ગરીમામય સ્થાન પ્રમુખ પદ પર સર્વાનુમતે નિર્વિરોધ મારી વરણી કરવામાં આવી તે બદલ હૃદયપૂર્વક આપ સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આપ સૌએ મારામાં જે વિશ્વાસ મૂકી મહાસભાના સત્ર : ૨૪-૨૬ના બાકી સત્ર માટે જે જવાબદારી મારા પર મૂકી છે તેને નિર્વાહ કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીશ. આપ સૌને મહાસભા પ્રત્યે જે પણ અપેક્ષા કે આકાંક્ષા છે તેને મહેસુસ કરી તેના સમાધાન માટે કોઇપણ જાતના ભેદભાવ વગર સૌ કાર્યકર્તાઓને સાથે રાખી સમાજ હિત સર્વોપરી માની આપે મૂકેલ વિશ્વાસને ચરિતાર્થ કરવા માટેના હંમેશા મારા પ્રયત્ન રહેશે. તે જ રીતે આપણા વડીલોએ મહાસભાની રચના કરવા પાછળ જે હેતુઓનો વિચાર કરી આ સમાજ સંગઠન ઉભું કર્યું હતું તેને પણ પરિપૂર્ણ કરવું એ મારી નૈતિક ફરજ સમજીને તન, મન, ધનના સમર્પણ સાથે સાર્થક કરવા સતત પ્રયત્ન રહેશે. જેની આપ સૌને ખાત્રી આપું છું.

પરંતુ આ કાર્ય કરવામાં મારા નિષ્ઠાપૂર્વકના જે પણ પ્રયાસ કરવામાં આપ સૌનો નિ:સ્વાર્થ સહયોગ વગર સંભવ નથી. આપ સૌએ વ્યક્તિગત રીતે તેમજ સામુહીક સ્તરે મને ખાત્રી આપી છે તેના પર મને ભરોસો છે. તેમ છતાં કામ કરતા કરતા આપણે સૌ જાગૃત રહી આપણા સૌના વ્યક્તિગત મહત્વાકાંક્ષા કે લાભાલાભ આગળના આવી જાય તેનું ધ્યાન રાખશું તો હું ખાત્રી આપું છું કે, મારા મનમાં સમાજ ઉત્કર્ષ માટે પાયાની બાબતો ઉપર ઘણું સારૂ આપણે કામ કરી શકશું ખરૂં, પરંતુ સાથે સાથે હાલમાં સમાજ સ્તરે જે એકબીજા પ્રત્યે અવિશ્વાસ અને મનદુ:ખ ઉભા થયા છે તેને પણ સાથે મળીને દૂર કરવામાં જરૂર સફળ થઇશું તેવો મને દ્રઢ વિશ્વાસ છે. આશા રાખું છું આપનો સકારાત્મક સહયોગ મળશે.

સમાજનું પ્રમુખ તરીકે પદ સંભાળતા પ્રથમ કાર્ય એ મહાસભાની ટીમ બનાવવી એટલે કે પદાધિકારીઓની નિયુક્તિ અને કાર્યની ફાળવણી અને એમ કહી શકાય કે આ પ્રથમ કાર્યથી જ સમાજમાં પ્રમુખ પ્રત્યેના મનદુ:ખની શરૂઆત થાય છે અને તે સત્ર પૂરૂં થાય ત્યાં સુધી પ્રમુખશ્રીને શાંતિથી કાર્ય કરવા બાધા ઉભી કરવાનું કારણ બને છે તે સનાતન સત્ય છે જે આપણે સૌ જોતા આવીએ છીએ.

મારે પણ આ પ્રક્રિયામાંથી પસાર થવાનું છે. ત્યારે મારા માટે પણ ધર્મસંકટની પ્રક્રિયા તો છે જ, તેમ છતાં તે કર્યે છુટકો છે. આ અંગે મારો પ્રયત્ન એ રહેશે કે જે પણ લોકો અગાઉ જવાબદારીમાં છે અને બીજા કેટલાકને ઇચ્છા હોવા છતાં જવાબદારી મળી ન હતી તેવા અને મને કેટલાક કાર્યકર્તા પર ભરોસો છે તેવા તમામમાં કોઇપણ શંકા રાખ્યા વગર તેમને ટીમમાં સામેલ કરી, સમયની અનુકુળતા, કાર્યની આવડત-અનુભવ, તેમની ઇચ્છા શક્તિ, સમાજ પ્રત્યેનો ભાવ આ બધી બાબતને ધ્યાને રાખી તેમને જવાબદારી અને પદભાર સોંપવાનો પ્રયત્ન કરીશ એવું વિચાર્યું છે.

પરંતુ સાથે સાથે એ પણ વિચાર્યું છે કે મારા મૂકેલા વિશ્વાસ અને એમની જોડાવાની ઇચ્છા છતાં પણ જો કોઇ સોંપવામાં આવેલ કામગીરી કરવામાં ઉદાસીનતા બતાવશે, સૌને સાથે મળીને કામ કરવામાં સ્વભાવગત કે અન્ય મર્યાદા જણાશે, સમયને લઇને મર્યાદા જણાશે, એટલે કે કાર્યને લઇને જો કોઇપણ પ્રકારે ભૂમિકા જોવા નહીં મળે માત્ર ને માત્ર પદ લઇને કોઇ ભૂમિકા નહીં કરે તો તેવા કાર્યકર્તાને વચ્ચેથી પણ મુક્ત કરવામાં મને જરાય સંકોચ નહીં થાય.

બીજું કે કાર્યકર્તા માત્ર માન-સન્માનની અપેક્ષાથી પણ જોડાતો હોય તો તે પણ સમાજ જીવનમાં ઠીક બાબત નથી. માન-સમ્માન મંચ પર બેસવાથી ના મળે કાર્ય કરવાથી મળે. સમાજમાં ક્યારેક અપમાન પણ મળે ત્યારે મોટું મન રાખી સમાજહિત માટે જતું કરવાની પણ તૈયારી રાખવી જરૂરી રહેશે.

સામાજીક ક્ષેત્ર એ જાહેર ક્ષેત્ર છે તેમાં બધુ આપણે કહીએ તેમ ના પણ થાય. મોટા ભાગના નિર્ણય પ્રક્રિયા મેજોરીટીની હોય છે તો બહુમતિથી લેવાયેલ નિર્ણયનું કાર્યકર્તાએ સમ્માન સાથે સ્વીકાર કરવો એ જરૂરી છે. ખાસ કરી પદાધિકારીઓનું વર્ણન માવતર જેવું હોવું જોઇએ. સામાન્ય સમાજ ભૂલ કરે તો હજુ ચાલે પરંતુ પદાધિકારીનું ચરિત્ર અને વ્યવહાર હંમેશા વિશેષ હોય દયા, કરૂણા, પ્રેમભાવ

વિનમ્ર હોવો ખૂબજ જરૂરી છે. હું આશા રાખું છું કે, આપ સૌને હું જ્યારે મારી ટીમમાં લઉં છું તો આ પ્રકારની મારી આપની પાસે અપેક્ષા છે. તો જ આપ સૌ જોડાશો જો આ પ્રકારે કામ કરવાની માનસીકતા નથી તો આપ સૌને વિનંતી કરૂં છું કે, આપ સ્વેચ્છીક રીતે જવાબદારીથી દૂર રહેજો. હું આપને જવાબદારી આપું તો પણ અસ્વીકાર કરશો તો પણ મને કોઇ વાંધો નથી પરંતુ મને મારી ફરજ બજાવવામાં આપનો આ જ પ્રકારનો સહયોગ સ્વીકાર્ય છે. કદાચ ઓછા કાર્યકર્તા હશે તો ઓછું કામ કરશું પરંતુ સમાજને જ્યાં છે ત્યાંથી નીચે આપણા વર્તન-વ્યવહારથી ન જાય તેનું પૂરતું ધ્યાન રાખીશું.

આપણે એવો પ્રયત્ન કરવા માગીએ છીએ કે મહાસભા પ્રત્યે જે અસંતોષ છે તેને ઓછો કરી મહાસભા કાર્યથી સંતોષને વિશ્વાસ ઉભો થાય તેવા શુદ્ધ ભાવથી કાર્ય કરવાનું હોઇ આ કાર્ય પરોપકાર્ય છે આમાં આહુતિ અપાય તો આપશું. પરંતુ યજ્ઞમાં અવરોધ કરવાની કોશીષ ના કરતા એવી નમ્ર વિનંતી છે.

આ જ અપીલ જે મેં સાથે રહીને કામ કરનાર કાર્યકર્તાઓને કરી છે તે જ નમ્ર અપીલ સામાન્ય સમાજબંધુઓ જે ટીમમાં નથી બહાર છે તેમને પણ કરૂં છું. આપ શ્રદ્ધા, વિશ્વાસ મારામાં રાખ્યો છે તે નાના મુદ્દાઓ કે નાની-નાની ખામીઓને લઇને રજુઆત કરવાની છુટ છે પરંતુ તેને યેનકેન પ્રકારે રોકવાનો પ્રયત્ન ન થાય એવી આપ સૌ પાસે અપેક્ષા રાખું છું. ફરીથી સમાજ કલ્યાણ જ મારૂં લક્ષ્ય છે તેની ખાતરી આપું છું.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા કાર્યકારીણી

**(સત્ર : ૨૦૨૪-૨૦૨૬)**

| પદાધિકારીશ્રીનું પુરૂં નામ | હોદ્દો - પ્રભાર | ઘટક |
|---|---|---|
| **:: સન્માનનીય સદસ્યશ્રીઓ ::** | | |
| 'સમાજ સંરક્ષક' શ્રી ભરતભાઇ કાંતિલાલભાઇ સાવરીયા | સલાહકાર (પૂર્વ પ્રમુખશ્રી) | રાયપુર |
| શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા | સલાહકાર (પૂર્વ પ્રમુખશ્રી) | અંજાર |
| શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર | સલાહકાર (પૂર્વ પ્રમુખશ્રી) | રાઉરકેલા |
| શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક | સલાહકાર (પૂર્વ પ્રમુખશ્રી) | નાગલપર |
| શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા | સલાહકાર (પૂર્વ પ્રમુખશ્રી) | નાગપુર |
| શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા | માનદ્ સભ્ય | રાયપુર |
| શ્રી રસીકભાઇ વિશ્રામભાઇ પરમાર | માનદ્ સભ્ય | રાયપુર |
| શ્રી વિશ્વંભરભાઇ કાનજીભાઇ રાઠોડ | માનદ્ સભ્ય | જયપુર |
| શ્રી વિપિનભાઇ દેવરામભાઇ રાઠોડ | માનદ્ સભ્ય | બેંગ્લોર |
| **:: સન્માનનીય પદાધિકારીશ્રીઓ ::** | | |
| **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી** | **આદરણીય પ્રમુખશ્રી** | **માધાપર** |
| શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર | સલાહકાર પ્રમુખ | રાજનાંદગાંવ |
| શ્રી ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી | વરીષ્ઠ ઉપપ્રમુખ અને તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ | માધાપર |
| શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર | વરીષ્ઠ મહામંત્રી (પ્રભારી - આકસ્મિક સહાયતા) | અંજાર |
| શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર | મહામંત્રી (મહાસભા સંપૂર્ણ વહિવટ) | અંજાર |
| શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ | કોષાધ્યક્ષ | રાયપુર |
| શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા | ઉપપ્રમુખ (પ્રભારી - સંજીવની) | અંજાર |
| શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા | ઉપપ્રમુખ | હૈદ્રાબાદ |
| શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ (પ્રભારી - અભિલાષા) | ભુજ |
| શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ | ઉપપ્રમુખ (પ્રભારી - કચ્છ દર્શન) | ખંભરા |
| શ્રી હેમંતભાઇ હરિરામભાઇ ગોહિલ | ઉપપ્રમુખ (પ્રભારી - ડીજીટલ વસ્તીપત્રક) | રાયપુર |
| શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ (સહપ્રભારી - ડીજીટલ વસ્તીપત્રક) | બિલાસપુર |
| શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા | ઉપપ્રમુખ (પ્રભારી - આર્થિક ઉત્કર્ષ) | મુન્દ્રા |

| | | |
|---|---|---|
| શ્રી નિખિલભાઇ ધનજીભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ (સહપ્રભારી - આર્થિક ઉત્કર્ષ) | નાગપુર |
| શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ (સહપ્રભારી - આર્થિક ઉત્કર્ષ) | કુમ્હારી |
| શ્રી ભરતભાઇ હિરજીભાઇ ચાવડા | ઉપપ્રમુખ (સહપ્રભારી - આકસ્મિક સહાયતા) | રાયપુર |
| બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર | ઉપપ્રમુખ | માધાપર |
| શ્રી નારાયણભાઇ પૂંજાભાઇ રાઠોડ | ઉપપ્રમુખ | દુર્ગ |
| શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ (પ્રભારી - સ્કીલ ડેવલોપમેન્ટ) | અમદાવાદ |
| શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ (પ્રભારી - લક્ષ્ય) | રાજકોટ |
| શ્રી કિરીટભાઇ રમણીકલાલ ચૌહાણ | ઉપપ્રમુખ (પ્રભારી - પૂર્વોત્તર સંકલન) | ધનબાદ |
| શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવા | ઉપપ્રમુખ | અંજાર |
| શ્રી સુરેશભાઇ રતિલાલભાઇ ચૌહાણ | મંત્રી (મીટીંગ સંચાલન) | કોરબા |
| શ્રી ઉત્તમરામભાઇ મોરારજીભાઇ ચૌહાણ | મંત્રી | કોલકાતા |
| શ્રી ગૌરવભાઇ હરિલાલભાઇ ચાવડા | મંત્રી (મીડીયા પ્રભારી કેજીકે-વન) | રાયપુર |
| શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર | મંત્રી (સહ પ્રભારી - કચ્છ દર્શન) | અંજાર |
| શ્રી ભગવાનજીભાઇ માધવજીભાઇ રાઠોડ | મંત્રી (લીગલ ડેસ્ક) | નાગલપર |
| શ્રી કિશોરભાઇ ભગવાનલાલભાઇ ટાંક | મંત્રી (મીટીંગ વ્યવસ્થા) | રાઉરકેલા |
| શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ | મંત્રી (મીટીંગ મિનિટ્સ) | ચંદ્રપુર |
| શ્રી સુરેશભાઇ અનિલભાઇ ટાંક | મંત્રી (અંજાર કાર્યાલય) | અંજાર |
| શ્રી વિનોદભાઇ દયારામભાઇ ટાંક | મંત્રી (રાયપુર કાર્યાલય) | રાયપુર |
| શ્રી ગિરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણ | મંત્રી (માધાપર કાર્યાલય) | માધાપર |
| શ્રી પાર્થ જશવંતભાઇ ચાવડા | સહકોષાધ્યક્ષ | ચંદીયા |
| શ્રી હિતેશભાઇ ભોગીલાલભાઇ ચૌહાણ | મેનેજીંગ તંત્રી - સેતુ સમાજ સંદેશ | અંજાર |
| શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી | પ્રભારી - મેરેજ બ્યુરો | ભુજ |
| શ્રી મહેન્દ્રભાઇ કેશવજીભાઇ રાઠોડ | પ્રભારી - મધ્યસ્થ ન્યાયપંચ | બિલાસપુર |
| શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ | પ્રભારી - મહિલા ઉત્કર્ષ સમિતિ | લાતુર |
| શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ | પ્રભારી - દેશ-વિદેશ સમન્વય | અંજાર |
| શ્રી જયનેન્દ્રભાઇ કાંતિલાલભાઇ જેઠવા | પ્રભારી - પ્રાદેશિક ટ્રસ્ટોનું સંકલન | જબલપુર |
| શ્રી ગિરીશભાઇ મહેશભાઇ પરમાર | પ્રભાર - અંજાર કાર્યાલય બાંધકામ | અંજાર |
| શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંક | પ્રભાર - અંજાર કાર્યાલય બાંધકામ | અંજાર |
| શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા | પ્રભારી - અન્નપુર્ણા યોજના | અંજાર |
| શ્રી પ્રભુલાલભાઇ ભવાનજીભાઇ રાઠોડ | ઝોનલ પ્રમુખ | વડોદરા |
| શ્રી નટવરલાલભાઇ હિરાલાલભાઇ ચૌહાણ | ઝોનલ પ્રમુખ | નાસીકરોડ |
| શ્રી યોગેશભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર | ઝોનલ પ્રમુખ | હૈદ્રાબાદ |
| શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ | અ.ભા.મ. મહામંડળ પ્રમુખ | નાસિકરોડ |
| શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક | અ.ભા.યુવા મહામંડળ પ્રમુખ | નાગપુર |
| શ્રી રવિન્દ્રભાઇ ગોવર્ધનભાઇ ટાંક | સલાહકાર | જમશેદપુર |
| શ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવા | સલાહકાર | અંજાર |
| શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા | સલાહકાર | વડોદરા |
| શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ | પ્રમુખ, કચ્છ પ્રાદેશિક સમિતિ | માધાપર |
| શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ | પ્રમુખ, છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ | બિલાસપુર |
| શ્રી રસીકભાઇ હરિલાલભાઇ ચૌહાણ | પ્રમુખ, ગુજરાત પ્રાદેશિક સમિતિ | ગાંધીનગર |

| | | |
|---|---|---|
| ડૉ. કાંતિલાલ પુરૂષોત્તમભાઇ ચાવડા | પ્રમુખ, રાજસ્થાન પ્રાદેશિક સમિતિ | જયપુર |
| શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર | પ્રમુખ, વિદર્ભ પ્રાદેશિક સમિતિ | બાલાઘાટ |
| શ્રી જયેન્દ્રભાઇ ગોવિંદભાઇ રાઠોડ | પ્રમુખ, મુંબઇ પ્રાદેશિક સમિતિ | કલ્યાણ |
| શ્રી ભક્તિરામભાઇ અમરશીભાઇ રાઠોડ | પ્રમુખ, મરાઠાવાડા પ્રાદેશિક સમિતિ | જાલના |
| શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર | પ્રમુખ, મહાકૌશલ પ્રાદેશિક સમિતિ | શહડોલ |
| શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર | પ્રમુખ, કોલફીલ્ડ પ્રાદેશિક સમિતિ | ધનબાદ |
| શ્રી જીતેશભાઇ અમૃતલાલભાઇ ચૌહાણ | પ્રમુખ, આંધ્ર પ્રાદેશિક સમિતિ | હૈદ્રાબાદ |
| શ્રી દિનેશભાઇ નાનાલાલભાઇ ટાંક | પ્રમુખ, પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિ | કટક |
| શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ | પ્રમુખ, પશ્ચિમ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિ | રાઉરકેલા |
| શ્રી દિપકભાઇ રતિલાલભાઇ ટાંક | પ્રમુખ, સિંગભુમ પ્રાદેશિક સમિતિ | જમશેદપુર |
| શ્રી પ્રદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા | પ્રમુખ, કર્ણાટક પ્રાદેશિક સમિતિ | ગુલબર્ગા |
| શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર | પ્રમુખ, વેસ્ટ બંગાલ પ્રાદેશિક સમિતિ | આસનસોલ |
| શ્રી ક્રિષ્નાભાઇ રતિલાલભાઇ રાઠોડ | પ્રમુખશ્રી, તામિલનાડુ પ્રાદેશિક સમિતિ | ચેન્નાઇ |
| શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર | કાર્યવાહક સભ્ય | અંજાર |
| શ્રી દેવેન્દ્રભાઇ રથિન્દ્રભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | ગોંદિયા |
| શ્રી રાજેશભાઇ શાંતિલાલભાઇ જેઠવા | કાર્યવાહક સભ્ય | ઇન્દોર |
| શ્રી દિલીપભાઇ ગાંગજીભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | માધાપર |
| શ્રી શિવલાલભાઇ શામજીભાઇ ટાંક | કાર્યવાહક સભ્ય | ગોંદિયા |
| શ્રી શૈલેષભાઇ જીવરામભાઇ ટાંક | કાર્યવાહક સભ્ય | ગોંદિયા |
| શ્રી મિતેશભાઇ કરશનભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | ગોંદિયા |
| શ્રી દિનેશભાઇ ચીમનલાલભાઇ ચાવડા | કાર્યવાહક સભ્ય | પુના |
| શ્રી રવિભાઇ જવાહરભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | પુના |
| શ્રી હિરાલાલભાઇ કેશવજીભાઇ ખોડિયાર | કાર્યવાહક સભ્ય | મુંબઇ |
| શ્રી દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | મુંબઇ |
| શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ | કાર્યવાહક સભ્ય | હાજાપર |
| શ્રી સિદ્ધાર્થભાઇ રાજારામભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | કટક |
| શ્રી પરેશભાઇ લીલાધરભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | અંજાર |
| શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | ભુજ |
| શ્રી હરીશભાઇ વલ્લભમજીભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | વર્ધા |
| શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | નાગપુર |
| શ્રી ખેમરાજભાઇ વેગડ | કાર્યવાહક સભ્ય | નાગપુર |
| શ્રી પંકજભાઇ રમેશચંદ્રભાઇ ચાવડા | કાર્યવાહક સભ્ય | રાયપુર |
| શ્રી ઇશ્વરભાઇ પુરૂષોત્તમભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | રાજનાંદગાંવ |
| શ્રી ખુશાલભાઇ પ્રેમજીભાઇ ચાવડા | કાર્યવાહક સભ્ય | ડોંગરગઢ |
| શ્રી પ્રફુલભાઇ ધરમશીભાઇ ચાવડા | કાર્યવાહક સભ્ય | ડોંગરગઢ |
| શ્રી અશોકભાઇ દેવજીભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | જગદલપુર |
| શ્રી મુકુન્દભાઇ હરિલાલભાઇ ટાંક | કાર્યવાહક સભ્ય | રાયપુર |
| શ્રી મયુરભાઇ નાનાલાલભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | રાયપુર |
| શ્રી રમેશભાઇ શામજીભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | દુર્ગ |
| શ્રી દયારામભાઇ હિરજીભાઇ ટાંક | કાર્યવાહક સભ્ય | દુર્ગ |

| | | |
|---|---|---|
| શ્રી દિલીપભાઇ જયંતીભાઇ મારૂ | કાર્યવાહક સભ્ય | ભિલાઇ |
| શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | રેહા |
| શ્રી નરોત્તમભાઇ વાઘજીભાઇ જેઠવા | કાર્યવાહક સભ્ય | અમદાવાદ |
| શ્રી પ્રવિણભાઇ શિવલાલભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | મીઠાપુર |
| શ્રી જગદીશભાઇ પુરૂષોત્તમભાઇ વરૂ | કાર્યવાહક સભ્ય | વડોદરા |
| શ્રી રાજેશભાઇ રમણીકભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | સંબલપુર |
| શ્રી તરૂણભાઇ નારાયણભાઇ ચાવડા | કાર્યવાહક સભ્ય | કેંજોરગઢ |
| શ્રી રમણીકભાઇ હિરજીભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | નાગપુર |
| શ્રી જીગ્નેશભાઇ બલરામભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | નાગલપર |
| શ્રી ગોપાલભાઇ મોરારભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | કલ્યાણ |
| શ્રી વિજયભાઇ અર્જુનભાઇ ચૌહાણ | કાર્યવાહક સભ્ય | મુંબઇ |
| શ્રી વિનોદભાઇ વાલજીભાઇ પરમાર | કાર્યવાહક સભ્ય | હૈદ્રાબાદ |
| શ્રી રાજેશભાઇ કાંતિપ્રસાદભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | રાયપુર |
| શ્રી ભાવેશભાઇ નરશીભાઇ ગોહિલ | કાર્યવાહક સભ્ય | બિલાસપુર |
| શ્રી પ્રકાશભાઇ હરિરામભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | જબલપુર |
| શ્રી હેમંતભાઇ નિર્ભરામભાઇ રાઠોડ | કાર્યવાહક સભ્ય | રાયગઢ |
| શ્રી રાજેશભાઇ સુર્યકાન્ભાઇ ચાવડા | વિશેષ આમંત્રીત | જમશેદપુર |
| શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ | વિશેષ આમંત્રીત | કુકમા |
| શ્રી ધીરૂભાઇ દયારામભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | રાયપુર |
| શ્રી રાજેશભાઇ નટવરભાઇ રાઠોડ | વિશેષ આમંત્રીત | રાજનાંદગાંવ |
| શ્રી રમેશભાઇ રણછોડભાઇ ચૌહાણ | વિશેષ આમંત્રીત | રેહા |
| શ્રી વિજયભાઇ રામજીભાઇ સોલંકી | વિશેષ આમંત્રીત | ભુજ |
| શ્રી મહેન્દ્રભાઇ વરૂ | વિશેષ આમંત્રીત | માધાપર |
| શ્રી બ્રિજેશભાઇ ગોહિલ | વિશેષ આમંત્રીત | માધાપર |
| શ્રી કમલેશભાઇ મુળજીભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | માધાપર |
| શ્રી ધીરજલાલ અરજણભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | લોહારીયા |
| શ્રી રાકેશભાઇ વનરાજભાઇ ટાંક | વિશેષ આમંત્રીત | સિનુગ્રા |
| શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી | વિશેષ આમંત્રીત | આદીપુર |
| શ્રી ગિરીશભાઇ શિવલાલભાઇ ચૌહાણ | વિશેષ આમંત્રીત | મુન્દ્રા |
| શ્રી હરગોવિંદભાઇ એચ. ચૌહાણ | વિશેષ આમંત્રીત | કુકમા |
| શ્રી કેતનભાઇ હરિલાલભાઇ ચૌહાણ | વિશેષ આમંત્રીત | કુકમા |
| શ્રી રાજેશભાઇ જીવરામભાઇ ટાંક | વિશેષ આમંત્રીત | અંજાર |
| શ્રી હિમ્મતલાલ પરસોત્તમભાઇ રાઠોડ | વિશેષ આમંત્રીત | નાગલપર |
| શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર | વિશેષ આમંત્રીત | અંજાર |
| શ્રી જીવરામભાઇ ભવાનભાઇ ટાંક | વિશેષ આમંત્રીત | અંજાર |
| શ્રી પ્રફુલભાઇ કર્મસિંહભાઇ ટાંક | વિશેષ આમંત્રીત | અમદાવાદ |
| શ્રી દિલીપભાઇ મોહનભાઇ વાઢેર | વિશેષ આમંત્રીત | રાંચી |
| શ્રી ધર્મેન્દ્રભાઇ દયારામભાઇ ચૌહાણ | વિશેષ આમંત્રીત | સિરપુર |
| શ્રી દયારામભાઇ રામજીભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | બોકારો |
| શ્રી અનિલભાઇ શિવલાલભાઇ રાઠોડ | વિશેષ આમંત્રીત | ઝારસુગડા |
| શ્રી રસીકભાઇ જગમાલભાઇ વેગડ | વિશેષ આમંત્રીત | ગોંદિયા |

| | | |
|---|---|---|
| શ્રી શિવલાલભાઇ કરશનભાઇ ચાવડા | વિશેષ આમંત્રીત | જયપુર |
| શ્રી પિયુષભાઇ મોહનલાલભાઇ વેગડ | વિશેષ આમંત્રીત | ધનબાદ |
| શ્રી બિપિનભાઇ મારૂ | વિશેષ આમંત્રીત | બનારસ |
| શ્રી ચંદ્રકાન્તભાઇ ચાવડા | વિશેષ આમંત્રીત | પુષદ |
| શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ | વિશેષ આમંત્રીત | વિશાખાપટ્ટનમ |
| શ્રી પ્રકાશભાઇ હિરજીભાઇ ટાંક | વિશેષ આમંત્રીત | રાજનાંદગાંવ |
| શ્રી ગિરીશભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા | વિશેષ આમંત્રીત | રાજનાંદગાંવ |
| શ્રી મહેન્દ્રભાઇ ગિરધરભાઇ વરૂ | વિશેષ આમંત્રીત | કુમ્હારી |
| શ્રી દિલીપભાઇ કેશવજીભાઇ ચાવડા | વિશેષ આમંત્રીત | રાયપુર |
| શ્રી સતિષભાઇ રતિલાલ ચાવડા | વિશેષ આમંત્રીત | રાયપુર |
| શ્રી યુધિરભાઇ માધવજીભાઇ વરૂ | વિશેષ આમંત્રીત | રાયપુર |
| શ્રી જયેશભાઇ સોહનલાલ વરૂ | વિશેષ આમંત્રીત | રાયપુર |
| શ્રી પંકજભાઇ રાઠોડ | વિશેષ આમંત્રીત | બેંગ્લોર |
| શ્રી ઉમેશભાઇ ભવાનભાઇ ચૌહાણ | વિશેષ આમંત્રીત | બારસી |
| શ્રી યશવંતભાઇ ચીમનભાઇ ચાવડા | વિશેષ આમંત્રીત | ભિલાઇ |
| શ્રી મનિષભાઇ મનોહરભાઇ વાઢેર | વિશેષ આમંત્રીત | ભિલાઇ |
| શ્રી અનમોલભાઇ મહેન્દ્રભાઇ ટાંક | વિશેષ આમંત્રીત | રાયગઢ |
| શ્રી યોગેન્દ્રભાઇ નારાયણભાઇ રાઠોડ | વિશેષ આમંત્રીત | બિલાસપુર |
| શ્રી ઘનશ્યામભાઇ પ્રાગજીભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | દુર્ગ |
| શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | રાઉરકેલા |

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સત્ર ૨૦૨૪-૨૦૨૬ના સન્માનનીય પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ અને વિશેષ આમંત્રીતશ્રીઓની નિમણુંક કરવામાં આવે છે. અત્યારે શરૂઆતમાં જેણે જે પણ કાર્ય કરવા ઇચ્છા દર્શાવી છે તે બધાનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. પરંતુ એનો અર્થ એ નથી કે આપણું સ્થાન નિશ્ચિત થઇ ગયું છે. આપની સંમતિ અને શપથપત્ર મળશે (સન્માનનીય સદસ્યગણ સિવાય) તેના બાદ જ આપશ્રી આપની સેવા આપવા સંમત છો તેવું સુનિશ્ચિત થઇ રહેશે. આપનું શપથપત્ર તા. ૦૫/૦૮/૨૦૨૪ સુધી અંજાર અથવા માધાપર કાર્યાલયના સરનામે નહીં મળે તો આપશ્રી પદની જવાબદારી સ્વીકાર અસમર્થ છો એમ જાણી આપના સ્થાને અન્ય સમાજબંધુની નિમણુંક કરી 'સેતુ સમાજ સંદેશ'માં જાહેર કરી દેવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી. શપથપત્ર અને સંમતિનો નમુનો મારૂ પોતાનું સંમતિ અને શપથ પત્ર ભરીને સર્વે સમાજબંધુઓ સમક્ષ પ્રકાશીત કરી રહ્યો છું. આજ નમુનામાં આપશ્રીનું નામ અને હોદ્દો તથા અન્ય વિગત ભરી નિશ્ચિત સમયાવધીમાં મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

લિ. આપનો વિનમ્ર

VP Solanki

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી મહાસભા

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**(સત્ર : ૨૦૨૪–૨૦૨૬)**

**શપથ પત્ર - સંમતિ પત્ર**

નામ : વિનોદભાઇ પિતાનું નામ : પુરૂષોત્તમભાઇ અવટંક : સોલંકી



દેશમાં ગામ : માધાપર વોટ્સએપ/કોન્ટેક નં. : 9925229079

વર્તમાન સરનામું : શ્રી રામ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ, જુનાવાસ, મેઇન બજાર,

પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370020

E-mail Id : info.shreeramgroup@gmail.com

વ્યવસાય : ચાઇનાક્લે બિઝનેસ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના હિતાર્થે મારી નિમણુંક પ્રમુખશ્રી તરીકે કરવામાં આવી તે બદલ આભાર વ્યક્ત કરું છું અને મારી સંમતિ આપું છું. સાથે સાથે હું શપથ પૂર્વક જણાવું છું કે....

- હું મહાસભાની બંધારણીય બેઠકોમાં ઉપસ્થિત રહીશ.
- મને સોંપેલ કાર્ય જવાબદારીપૂર્વક કરવા પ્રયત્ન કરીશ.
- જ્યાં સુધી પદ પર છું ત્યાં સુધી સમાજહિતમાં કાર્ય કરીશ.
- પદ પર રહી હું મારા વ્યક્તિગત લાભાલાભ, સગાવાદનો વિચાર કે વર્તન ન થાય તેનું ધ્યાન રાખીશ.
- મારા કાર્ય પથમાં સમાજના કોઇ વ્યકિતનું અપમાન ન થાય તેનું ધ્યાન રાખીશ.
- જો હું મિટીંગમાં નિયમિત ઉપસ્થિત નહિં રહું કે, કાર્ય કરવામાં સમય ન આપી શકું, કાર્ય કરવામાં અન્ય કારણોસર અસમર્થ હોઇશ તો સ્વૈચ્છીક પદ મુક્તિ લઇ લઇશ.
- આ જવાબદારી માત્ર અને માત્ર મારા સમાજના ઉત્કર્ષ કાર્યમાં મારી પવિત્ર ભાગીદારી આપવા માટે જ સ્વીકારું છું. મંચ કે પદ પ્રતિષ્ઠા માટે ની કોઇ પણ આકાંક્ષા રાખ્યા વગર નિઃસ્વાર્થ ભાવથી જવાબદારી નિભાવવા મારી સંમતિ આપું છું. સમાજ કાર્ય માટે મારા પ્રત્યે જે વિશ્વાસ મુકવામાં આવ્યો છે તેને પૂર્ણતયા નિભાવવા મારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું અને આભાર વ્યક્ત કરું છું. મારા થકી સમાજને કોઇ મુશ્કેલી કે નુકશાન નહીં થાય તેની ખાતરી સાથે સ્વીકાર કરું છું.

લિ. આપનો વિનમ્ર

V P S

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી મહાસભા

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## મહાસભાની તત્કાલીન સામાન્ય સભાનો અહેવાલ

### તા. ૯/૬/૨૦૨૪, રવિવાર, વડોદરા (ગુજરાત)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની તત્કાલીન સામાન્ય સભા ગુજરાત પ્રા.સ. અંતર્ગત આવતા વડોદરા ઘટકના સ્નેહમય આમંત્રણથી શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ભવન - વડોદરાના મધ્યસ્થ હોલમાં તા. ૯/૬/૨૦૨૪, રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે મહાસભાના કાર્યવાહક પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના અધ્યક્ષપદે મળેલ હતી. વડોદરા ઘટકના મંત્રી શ્રી તૃષારભાઇ ચૌહાણ દ્વારા સ્વાગત, સન્માન અને મંચ પર સ્થાન ગ્રહણ કરાવી પ્રભુ પ્રાર્થના અને દિપ પ્રાગટ્ય બાદ વડોદરા ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ દ્વારા પધારેલ સૌ પ્રતિનિધિશ્રીઓ, હોદ્દેદારો અને સમાજબંધુઓનું શાબ્દિક સ્વાગત કરી મહાસભાને મંચની સોંપણી કરવામાં આવેલ હતી.

વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર દ્વારા મહાસભા વતી સૌને આવકાર આપવામાં આવેલ. મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણ - કોરબા દ્વારા શ્રદ્ધાંજલિ અને શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું. આજરોજ 'સમાજરત્ન' શ્રદ્ધેય સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણનો જન્મદિવસ હોતાં પૂરો હર્ષોલ્લાસથી તેની ઉજવણી કરવામાં આવી હતી.

શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ અધ્યક્ષ સ્થાનેથી પોતાનું ઉદ્‌બોધન આપતા સૌ પ્રથમ સૌને આવકાર આપી મહાસભાના તત્કાલિન પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના રાજીનામા બાદ કરવામાં આવેલ દરેક ઘટનાક્રમનું ખુબ વિસ્તારપૂર્વક વર્ણન કરી સૌ પ્રતિનિધિશ્રીઓ અને સમાજબંધુઓને અવગત કરેલ હતા. મહાસભાના પવિત્ર બંધારણનો અભ્યાસ કરી તેને અનુરૂપ કરેલ કાર્યવાહીનો સંપૂર્ણ ખ્યાલ આપેલ હતો.

સમાજમાં ઉત્પન્ન થયેલ વાતાવરણ અને વિવિધ ઘટકો તથા પ્રાદેશિક સમિતિઓ દ્વારા કરેલ કાર્યવાહીનો સંપૂર્ણ અહેવાલ રજુ કર્યો હતો તથા તેના માટે મહાસભાએ કરેલ કાર્યવાહીની જાણકારી સર્વે સમાજબંધુઓ દ્વારા સોશ્યલ મિડિયાના માધ્યમથી કોઇપણ સમાજબંધુઓને બદનામ કરવાની માનસીકતા પર ઉગ્ર પ્રહારો કર્યા હતા. મહાસભાના હોદ્દેદારોની જવાબદારી અને ફરજો પ્રત્યેની સાચી સમજ સભા સમક્ષ મુકેલ હતી. કોઇપણ સમાજબંધુ પોતાની અંગત દુશ્મનાવટ માટે અન્ય કોઇ સમાજબંધુને નીચો બતાવવા કેટલી નિમ્ન કક્ષાએ જઇને સમગ્ર સમાજને કેટલી હદે નુકશાન કરી શકે છે તેનું પુરૂં વિવરણ વિસ્તારપૂર્વક રજુ કર્યું હતું. આદ. પ્રમુખશ્રીએ એકાઉન્ટીંગ કોર કમિટિના શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા - રાયપુર દ્વારા થયેલ કામગીરીનો અહેવાલ મળેલ છે તેમ જણાવી સમિતિનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીએ સૌ પ્રથમ પોતાના ગુરૂજીને ચરણ વંદન કરી પોતાનું ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે, વડોદરા ઘટકની પાવન ધરા પર આજે આપણે ખુબજ અગત્યના નિર્ણયો લેવા મળ્યા છીએ ત્યારે આપ સૌને વંદન કરું છું. આપણે ખુબજ ટુંકા સમયમાં આટલી બધી સંખ્યામાં અહીં મળ્યા છીએ તેજ બતાવે છે કે સમાજ પ્રત્યે અને આપણી ગૌરવવંતી સંસ્થા પ્રત્યે આપનો કેટલો લગાવ છે. જ્યારે પૂના મધ્યે ૨૦૧૮માં મને 'સમાજરત્ન'નો ઇલ્કાબ આપવામાં આવ્યો ત્યારથી આજ સુધી મેં મારી જવાબદારી નિભાવેલી છે અને મારી રીતે સમાજ સંગઠીત રહે તેવા પ્રયત્નો કરેલ છે.

અત્યારે પણ આવી કટોકટીની પરિસ્થિતિમાં આ સંસ્થાનું સુકાન સંભાળવું એ મારી ફરજ છે એમ સમજીને મેં અનુમતિ આપેલ છે અને ખાસ તો મારા ગુરૂજીએ મને આહવાન કરેલ છે કે જ્યારે સર્વે સમાજબંધુઓ આપના પર આશા રાખી રહ્યા છે ત્યારે આપને જવાબદારી નિભાવવી જોઇએ અને સમાજને રાહ બતાવી, માગદર્શીત કરવો એ પણ એક પ્રકારની સેવા જ છે.

આમ, આ સર્વોચ્ચ પદ સ્વીકારવા હું તૈયાર થયો એ પણ મારી ફરજ છે એવું સમજું છું. આપ સૌ સમાજબાંધવોનો પ્રેમ, આદર-સન્માન મને મળતા રહ્યા છે પરંતુ આ જવાબદારી સંભાળ્યા બાદ ખાલી સન્માન નહીં પણ સહકારની ખાસ જરૂર રહેશે અને મને વિશ્વાસ છે કે આપ સૌ મને સહકાર આપશો જ. જય સમાજ...

'સમાજરત્ન' શ્રીના ગુરૂદેવ અને આપણા સમાજના સર્વે વડિલોના સંપર્કમાં રહેલ ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી ઓમકારદાસજીએ સૌ સમાજબાંધવોને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, લગભગ સાઇઠ વર્ષથી હું આપના સમાજબાંધવોના સંપર્કમાં રહ્યો છું. રત્નાગીરીના શ્રી હિરજીભાઇ ચૌહાણ, માધાપરના શ્રી નારણભાઇ મનજીભાઇ રાઠોડ અને મહાસભાના સર્વે પૂર્વ પ્રમુખશ્રીઓના નામજોગ તેમને યાદ

કરી તેમની સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા. તેઓશ્રીએ કઇ રીતે સેવાના ક્ષેત્રમાં કામ કરવું જોઇએ તે વિષે પણ માર્ગદર્શન આપ્યું હતું અને સમાજ ખુબજ પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.

મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – અંજાર એ સભાને જણાવ્યું કે, કાર્યકારી પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર એ પ્રમુખશ્રીના રાજીનામાથી લઇને આજ સુધીના ઘટનાક્રમથી આપ સૌને વાકેફ કરેલ છે. હું એ બધી ઘટના દોહરાવતો નથી પરંતુ આપશ્રીને અનુરોધ કરું છું કે આ સર્વે પ્રક્રિયા કરવામાં આવેલ છે તેને સભાનું અનુમોદન મળવું જરૂરી છે. માટે તેને ઠરાવ સ્વરૂપે લઇને આપણે તેને બહાલી આપવી જોઇએ. આ બાબતમાં કોઇને કંઇ સૂચન કરવું હોય તો અનુમતિ લઇ રજુઆત કરવા નિમંત્રણ આપું છું. કોઇ સૂચન ન હોતાં હોલમાં હાજર એકેએક સભ્યએ હાથ ઉંચા કરી ઠરાવને અનુમોદન આપેલ હતું અને તાડીઓના ગડગડાટ સાથે થયેલ કાર્યવાહીને સર્વાનુમતે અનુમોદન આપવામાં આવ્યું હતું.

**:: ઠરાવ ::**

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા – નાગપુર દ્વારા તા. ૧૧/૩/૨૦૨૪ના રોજ આપેલ રાજીનામાને કારણે ઉત્પન્ન થયેલ પરિસ્થિતિમાં સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર – રાજનાંદગાંવ અને વડિલો દ્વારા રાજીનામાનો સ્વીકાર કરી સર્વસંમતિથી કાર્યકારી પ્રમુખશ્રી તરીકે મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપરની નિમણુંક કરવામાં આવેલ.**

**કાર્યકારી પ્રમુખશ્રીએ ત્વરિત નિર્ણય લઇ મહાસભાની વિવિધ સમાજ ઉપયોગી યોજનાઓ ચાલુ રાખી બંધારણ મુજબ સત્રના બાકી રહેતા સમયગાળા માટે પ્રમુખશ્રીની વરણી કરવા શ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવા – અંજારની ચૂંટણી અધિકારીશ્રી તરીકે નિમણુંક કરી તત્કાલીન સામાન્ય સભા બોલાવવા નિર્ણય લઇ તેની જાણ માસ એપ્રિલ–૨૦૨૪માં સર્વે સમાજબંધુઓને કરવામાં આવી.**

**ચૂંટણી અધિકારીશ્રીએ 'સેતુ સમાજ સંદેશ' દ્વારા સર્વે સમાજબંધુઓને આમંત્રણ આપી મતદાર યાદી તથા સંક્ષિપ્ત નિયમો જાહેર કર્યા અને આજે પણ સભા સમક્ષ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ છે.**

**આમ, પ્રમુખશ્રીના રાજીનામાથી લઇને આજ સુધી સમાજહિતમાં જે પ્રક્રિયા કરવામાં આવેલ છે તેને આજની તત્કાલીન સામાન્ય સભા સર્વાનુમતે બહાલી આપે છે અને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે જહેમત ઉઠાવનાર સૌને હાર્દિક અભિનંદન પાઠવે છે.**

**ઠરાવ મુકનાર : પ્રમુખ સ્થાનેથી મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર દ્વારા રજુઆત**

**અનુમોદન : હાજર રહેલ સૌ સભ્યોએ હાથ ઉંચા કરી અનુમોદન આપેલ.**

**ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.**

મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – અંજાર એ જણાવ્યું કે, હવે હું આપણા ચૂંટણી અધિકારી શ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવા – અંજારને વર્તમાન સત્ર ૨૦૨૪-૨૦૨૬ના શેષ સત્ર માટેના પ્રમુખશ્રીની ચૂંટણી કરાવવા માટે આમંત્રણ આપું છું.

ચૂંટણી અધિકારી શ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવા – અંજારએ જણાવ્યું કે, આદ. કાર્યવાહક પ્રમુખશ્રીએ આજની સભામાં પ્રમુખશ્રીની ચૂંટણી માટે મને જવાબદારી સોંપેલ છે અને મેં આ પવિત્ર સંસ્થામાં સેવા આપવા તત્પર દરેક સમાજબંધુઓને માસ મે-૨૦૨૪ના 'સેતુ સમાજ સંદેશ'માં આમંત્રણ કાર્યક્રમ આપેલ અને સંક્ષિપ્ત નિયમોની જાણકારી આપેલ હતી. આજે પણ ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમ બનાવેલ છે અને તે રીતે કાર્યવાહી કરવા મંચ પરથી આમંત્રણ આપું છું અને ખાસ સહાયક શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજારને વિનંતી કરું છું કે તેઓ ચૂંટણીની પ્રક્રિયા કરાવશે.

શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર એ જાહેર કર્યું કે જે પણ સભ્યને પ્રમુખ પદે સેવા આપવાની ઇચ્છા હોય તે સ્ટેજ

પર આવી આવેદન કરવા વિનંતી કરું છું. તેમણે ચૂંટણી પ્રક્રિયાનો પૂરો પ્રોગ્રામ જાહેર કર્યો હતો. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી દ્વારા પોતાનું આવેદન ચૂંટણી અધિકારશ્રીને રજુ કરવામાં આવ્યું હતું. આવેદન પત્ર આપવની અવધિ પૂરી થતાં આવેદન પત્રની ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી. ચૂંટણી અધિકારીશ્રીએ સભાને જણાવ્યું કે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું એકમાત્ર આવેદન પ્રાપ્ત થયેલ છે. જેની ચકાસણી કરતાં તેને મંજુર કરવામાં આવે છે.

માત્ર એક જ ઉમેદવાર રહી જતાં હું ચૂંટણી અધિકારીશ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવા – અંજાર મહાસભાના શેષ સત્ર (૨૦૨૪-૨૦૨૬) માટે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપરને નિર્વિરોધ પ્રમુખશ્રી તરીકે ઘોષણા કરું છું અને નિર્વિરોધ પ્રમુખશ્રી તરીકેનું પ્રમાણપત્ર અર્પણ કરું છું.

સમસ્ત સમાજબંધુઓએ તાડીઓના ગડગડાટ સાથે જય સમાજ અને જય સિયારામના નારાથી હોલ ગજાવી મુક્યો હતો. કાર્યવાહક પ્રમુખશ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપરએ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને પ્રમુખશ્રી તરીકેનો બેચ અર્પણ કરી પ્રમુખ સ્થાન ગ્રહણ કરાવેલ હતું. સભા મંડપમાં હાજર સૌ સમાજબંધુઆ, પ્રાદેશિક સમિતિઓ, વિવિધ ઘટકો મહાસભાના નવનિયુક્ત પ્રમુખશ્રીને સન્માનવા ઉમટી પડ્યા હતા. મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – અંજારએ ચૂંટણી પ્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન કરાવવા માટે ચૂંટણી અધિકારીશ્રી અને ચૂંટણી મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

નવનિયુક્ત પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર એ પ્રમુખ સ્થાનેથી પોતાનું ઉદ્બોધન આપતા સૌ સમાજબંધુઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આપ સૌ સમાજબાંધવોના સહકારની અપેક્ષાએ આ જવાબદારી સંભાળવા હું આગળ આવેલ છું. આપ સૌએ જે ઉમળકાભેર મારૂં સન્માન કરેલ છે તેટલાજ ઉમંગ અને ઉત્સાહથી મહાસભાની દરેકે દરેક પ્રવૃત્તિઓમાં મને સંપૂર્ણ સહકાર આપશો તો આપણે સૌ સાથે મળી સમાજ સંગઠનને વધુ મજબુત બનાવી શકીશું.

મહામંત્રીશ્રીએ આગળના એજન્ડા પર માહિતિ આપતા જણાવ્યું હતું કે, આજની મીટીંગના એજન્ડામાં આદ. પ્રમુખશ્રીની વરણી બાદ કાર્યવાહક સમિતિએ કરેલ ભલામણ પર ચર્ચા-વિચારણા અને નિર્ણયના એજન્ડા એટલા માટે મુકવામાં આવેલ છે કે હરદ્વારની અર્ધવાર્ષિક બેઠકમાં પ્રમુખ સ્થાનેથી એક સુઝાવ મુકવામાં આવેલ હતો કે નાગપુર નિવાસી શ્રી પ્રદિપભાઇ ચત્રભુજભાઇ ચૌહાણે નિષ્કાન બાબત સમગ્ર મહાસભાની માફી માંગેલ છે અને તે પત્રનું વાંચન કરવામાં આવેલ હતું. કારોબારી સમિતિએ બીનશરતી ઠરાવ કરી શ્રી પ્રદિપભાઇ ચૌહાણનું નિષ્કાસન રદ્દ કરવાની ભલામણ કરવાનો ઠરાવ કરેલ હતો. આદ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને આ બાબતે શ્રી પ્રદિપભાઇ ચૌહાણે લેખિત રજુઆત કરેલ છે. હું શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને આ બાબતે વધુ પ્રકાશ પાડવા વિનંતી કરું છું.

શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ આખી પ્રક્રિયાની માહિતિ આપેલ હતી અને સભાને વિનંતી કરી હતી કે આપણે સારા વાતાવરણમાં સારી શરૂઆત કરશું તો જ આવનારા દિવસોમાં લોકોને સમાજ સંગઠન પ્રત્યે વિશ્વાસ ઉભો થઇ શકશે. આપ સૌ જો સંમતિ આપતા હો તો આપણે શ્રી પ્રદિપભાઇ ચત્રભુજભાઇ ચૌહાણ – નાગપુર પર નિષ્કાસનના જે પણ પગલા લીધા છે તેને રદ્દ કરવા માટે કારોબારી સમિતિ એ કરેલ ભલામણનો સ્વીકાર કરીએ. સભામાં ઉપસ્થિત સૌ સભ્યોએ હાથ ઉંચા કરી શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના પ્રસ્તાવને સર્વાનુમતે બહાલી આપેલ હતી. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ સભાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આજથી જ નાગપુર નિવાસી શ્રી પ્રદિપભાઇ ચત્રભુજભાઇ ચૌહાણનું નિષ્કાસન રદ્દ કરવામાં આવે છે તેવું જાહેર કરવામાં આવે છે. તેઓશ્રી એ ફરીને સૌ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ આયોજન અંતર્ગત તા. ૨૬-૦૫-૨૦૨૪, રવિવારના સૌ ૪.૦૦ વાગ્યાથી ''વૈદિક ગણિત વેબિનાર''નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્ટીફાય બાય અબાકસ વૈદિક ગણિત કોચ અને ટ્રેનર શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - નાસિકરોડ (પ્રમુખશ્રી, અ.ભા. મહિલા મહામંડળ) દ્વારા બાળકોને વૈદિક ગણિત વિશેની રસપ્રદ માહિતિ આપવામાં આવેલ હતી. ધો. ૪ થી ૧૦ સુધીના બાળકો માટે આયોજીત આ વેબિનારમાં બહોળી સંખ્યામાં બાળકો સાથે તેમના વાલીઓ પણ જોડાયા હતા. જેમાં ટ્રેનર શ્રીમતી ગીતાબેન ચૌહાણ દ્વારા વૈદિક ગણિત શિખવાના ફાયદાઓમાં (૧) ઝડપ અને ચોકસાઇ (૨) માનસિક ગણતરી (૩) સર્જન શક્તિ અને આત્મ વિશ્વાસ (૪) સમસ્યા નિવારણ શક્તિનું ઉપાર્જન વિષયો બાબતે ખુબજ ઉપયોગી અને આગળ જતાં વિવિધ અભ્યાસક્રમમાં મદદરૂપ બને તેવી જાણકારી આપવામાં આવેલ તેમજ તેને લગતા સવાલોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગતની શિક્ષણ સમિતિ દ્વારા આયોજીત આ વેબિનારનું આયોજન આ સમિતિના અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન અરૂણભાઇ રાઠોડ તથા મંત્રીઓ શ્રીમતી કનકબેન જયંતભાઇ ટાંક, શ્રીમતી કલ્પનાબેન રાજેન્દ્રભાઇ પરમાર તથા શ્રીમતી તૃપ્તિબેન નંદુભાઇ રાઠોડએ સંભાળેલ હતું. અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે આ વેબિનારમાં જોડાઇ સહયોગ આપેલ હતો. ટ્રેનર તથા અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ 'બાલતરંગ' કાર્યક્રમના દરેક આયોજનોમાં મોટી સંખ્યામાં જોડાતા બાળકો અને વાલીઓનો આભાર માની ખુશી વ્યક્ત કરેલ હતી. શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન રાઠોડે દર મહિને યોજાતા આ આયોજનમાં વધુને વધુ બાળકો જોડાય તેવી અપીલ કરી હતી. જય સમાજ... જય નારી શક્તિ...

- રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી

## છત્તીસગઢ પ્રા.મ.મંડળ

છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા તા. ૨૪-૦૪-૨૦૨૪ના રોજ અધ્યક્ષ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડના માર્ગદર્શન હેઠળ ચતુર્થ પ્રોજેક્ટ ટેરો કાર્ડ રીડીંગ સેશન જુમ મીટીંગ પર લેવામાં આવેલ. ટેરો કાર્ડ એક એવું વિજ્ઞાન છે જે આપણા જીવનમાં આવનાર પ્રોબ્લેમને જાણીને એને દૂર કરી શકાય છે અને આપણે કોઇપણ નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે. આ બધી માહિતિ મેઘાબેન રાજેશભાઇ પરમાર - ભિલાઇ દ્વારા ટેરો કાર્ડ શું છે ? ટેરો કાર્ડમાં કેટલા કાર્ડ હોય છે ? ક્યા કાર્ડનું શું મહત્વ છે ? આ બધી બેઝીક જાણકારી આપવામાં આવેલ. તેની સાથે આ મીટીંગમાં જોડાયેલા બહેનોના પ્રશ્નોના ઉત્તર કાર્ડના માધ્યમથી મેઘાબેન દ્વારા આપવામાં આવેલ.

સર્વે બહેનોને આ કાર્યક્રમ રોચક અને સરસ લાગ્યું, મેઘાબેનની સમજાવાની રીત સરસ અને અસરકારક હતી જેથી બધા બહેનો કાર્યક્રમના અંત સુધી મંત્રમુગ્ધ થઇ સમજતા હતા.

આ કાર્યક્રમમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ, મહામંત્રી રીટાબેન ચૌહાણ, બેબુબેન ચાવડા, જ્યોતિબેન રાઠોડ, અમિતાબેન સોલંકી, ઉર્મિલાબેન રાઠોડ, પૂનમબેન ટાંક, મનિષાબેન સોલંકી, કલ્પનાબેન પરમાર સાથે નિશાબેન ચાવડા, અનિતાબેન વાઢેર સાથે સર્વે ઘટકોના બહેનો આ કાર્યક્રમનો લાભ લીધેલ. આ કાર્યક્રમ ઝુમ મીટીંગમાં કરવા માટે વિશેષ રૂપથી પૂજનભાઇ અને ગીતાબેન ચૌહાણનો પુરો સહયોગ મળેલ. કાર્યક્રમના અંતમાં સર્વે બહેનોનું આભાર વ્યક્ત કરવામાં આવેલ.

ત્યાર બાદ તા. ૧૨-૫-૨૦૨૪ના પાંચમું આયોજન મધર્સ-ડે શુભ અવસરે ''એક સેલ્ફી માઁ સાથે'' યોજાયેલ. જેમાં બહેનોને એક સેલ્ફી મા સાથે પાડીને મોકલવાની હતી. મધર્સ-ડેને યાદગાર બનાવવા માટે બધા ફોટાની એક ક્લિપ બનાવવામાં આવેલ. આ વિડિયો બનાવવામાં છત્તીસગઢ પ્રા.મ.સમિતિના સહમંત્રી હિનાબેન હિતેશભાઇ સોલંકી - દુર્ગનું સહયોગ મળેલ.

## ગળપાદર મહિલા મંડળ



ગળપાદર મહિલા મંડળના સત્ર ૨૦૨૪-૨૬ માટે નવા ચૂંટાયેલા પ્રમુખ શ્રીમતી સુમિતાબેન અનિલભાઇ ચાવડા, મંત્રી - શ્રીમતી અમિતાબેન મહેશભાઇ ચાવડા, ઉપપ્રમુખ - શ્રીમતી ધીરજબેન નટવરભાઇ પરમાર, ખજાનચી - શ્રીમતી રેખાબેન દિનેશભાઇ પરમારની આગેવાનીમાં ગળપાદર મહિલા મંડળ દ્વારા તા. ૧૨-૫-૨૪, રવિવારના ગળપાદર નૂતન સમાજ ભવનમાં મહિલા મંડળની માસિક બેઠક રાખવામાં આવી હતી. દિપ પ્રાગટ્ય એવં પ્રભુ પ્રાર્થના બાદ મીટીંગનો આરંભ કરવામાં આવેલ.

જેમાં મહિલા ઉત્કર્ષ, મહિલા જાગૃતી વગેરે પર મહિલાઓ દ્વારા પોતાના વિચારો રજુ કરવામાં આવ્યા. ત્યારબાદ અલગ-અલગ વેરાઇટીના સરબત બનાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવેલ હતી. જેમાં ઘણી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ શ્રીમતી ક્રિષ્નાબેન ગીરધરભાઇ રાઠોડ, દ્વિતીય - શ્રીમતી ધીરજબેન નટવરભાઇ પરમાર, તૃતિય શ્રીમતી ધ્રુતીબેન ધવલભાઇ પરમાર વિજેતા બન્યા હતા. રમત-ગમત પ્રતિયોગીતામાં હાઉઝી રાખવામાં આવેલ. સૌ બહેનો સાથે મળીને આનંદ માણેલ. વિજેતાઓને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સુમિતાબેન ચાવડાના હસ્તે પુરસ્કાર આપવામાં આવેલ સાથે ગળપાદર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી શીતલબેન અલ્પેશભાઇ ચાવડા અને શ્રીમતી કોકીલાબેન મોહનભાઇ પરમાર દ્વારા પણ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવેલ.

ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા મહિલાઓની આર્થિક સ્થિતિમાં મદદરૂપ થઇ શકે તે હેતુથી એક વીસી પણ શરૂ કરવામાં આવેલ. જેમાં ૪૨ બહેનો જોડાયેલ છે. તેનો પણ માસિક ડ્રો કરવામાં આવેલ. ત્યાર બાદ મહિલા મંડળની બેઠકમાં આવેલ તમામ બહેનો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ. અંતમાં મહિલા મંડળના મંત્રી શ્રીમતી અમિતાબેન મહેશભાઇ ચાવડા દ્વારા બેઠકમાં પધારેલ તમામ બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને કાર્યક્રમ સમાપનની ઘોષણા કરવામાં આવી હતી અને સૌ છુટા પડેલ હતા.

## મુંબઇ મહિલા મંડળ (પ.)

મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા હોળી-ધૂળેટીની ઉજવણી અનોખી રીતે કરવામાં આવેલ હતી. બહેનોએ હોળી ધૂળેટીની ઉજવણીના ફોટાઓ મહિલા મંડળના વોટ્સએપ ગ્રુપ ઉપર શેર કર્યા હતા. ધૂળેટીની ઉજવણી રૂપે મહિલા મંડળ દ્વારા ફેસ પેન્ટીંગની હરીફાઇ રાખવામાં આવેલ હતી. જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ હરીફાઇમાં પ્રથમ શ્રીમતી રોમાબેન પરમાર, દ્વિતીય - શ્રીમતી હીનાબેન રાઠોડ, આશ્વાસન - શ્રીમતી ગીતાબેન વેગડ, શ્રીમતી વૈશાલીબેન રાઠોડ, શ્રીમતી પૂજાબેન યાદવ, કુમારી જુહીતા વેગડ, ફાગુન પરમાર અને વિરાટ પરમારને ઇનામો આપવામાં આવ્યા હતા.

મુંબઇ મહિલા મંડળ દ્વારા મહિલા દિનની ઉજવણી સાવ અનોખી રીતે કરવામાં આવી. મુંબઇ મહિલા મંડળને ''મારૂં ઘર વૃદ્ધાશ્રમ'' તરફથી મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવેલ હતું. દર વખતે આપણે પોતે વૃદ્ધાશ્રમમાં જઇએ છીએ, પણ આ વખતે તે લોકોએ મુંબઇ મહિલા મંડળને બોલાવ્યા હતા. ત્યાંના



સંચાલક દિલીપભાઇ અને પ્રીતીબેન સાથે મુલાકાત કરેલ તથા આશ્રમ વિશે માહિતી મેળવેલ. ત્યાં રહેતી બહેનો સાથે ભજન કરવામાં આવેલ. ત્યાર બાદ તેમની સાથે એમને ગમતા એવા ગીતો સાથે નૃત્ય પણ કરવામાં આવેલ. તેઓ સૌને મળીને ખૂબજ ખુશ હતા, અને એમને લાગતું હતું કે, અમારા ઘરે મહેમાન આવ્યા છે. એમના ચહેરા પર આનંદ દેખાતો હતો. તે લોકોએ આઇસ્ક્રીમ ખવડાવી, સ્વાગત કરેલ. આપણી બહેનો દ્વારા વૃદ્ધાશ્રમને ભેટ આપવામાં આવેલ. ત્યાંની કર્મચારી બહેનોનું પુષ્પગુચ્છ આપી અભિનંદન કરવામાં આવ્યું હતું. આપણી બહેનોએ ત્યાંની બહેનો સાથે વાતચીત કરી, તેઓ કેવી રીતે આશ્રમમાં આવ્યા, તેની માહિતિ મેળવી હતી.

## કુકમા મહિલા મંડળ





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા મહિલા મંડળ દ્વારા તા. ૩૦-૫-૨૦૨૪ના રોજ સમાજવાડી મધ્યે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુકમા મહિલા મંડળની ૧૫૦ જેટલી બહેનોએ હાજરી આપેલ હતી. આ આનંદના ગરબામાં જે કંઇ આવક થયેલ તે ગાયોના ચારમાં આપવામાં આવેલ હતી. સર્વે બહેનો દ્વારા ગરબા, સ્તુતિ ગાઇ, માતાજીની આરતી ઉતારેલ અને ઢોલી દ્વારા ગરબા રમવામાં આવ્યા હતા. ત્યાર બાદ પ્રસાદી લઇ અને આઇસ્ક્રીમ ખાઇ સર્વે છુટા પડ્યા હતા.

આ કાર્યક્રમમાં મહિલા મંડળની આધ્યાત્મિક સમિતિના બહેનોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે. ટાંક, મંત્રી ઉષાબેન ચૌહાણ, સલાહકાર, અ.ભા.મ. મહામંળ અનસુયાબેન પરમાર, ભાનુબેન પરમાર, ભાવનાબેન પરમાર, ભાવનાબેન ચૌહાણ, લલીતાબેન વરૂ, અર્ચનાબેન પરમાર, આધ્યાત્મિક સમિતિના બહેનો, તરૂણાબેન ચૌહાણ, અનિતાબેન ચૌહાણ, ઇન્દિરાબેન ટાંક, ભાવનાબેન રાઠોડ, અલ્કાબેન પરમાર તેમજ કારોબારીની સર્વે બહેનોએ સાથ-સહકાર આપી કાર્યક્રમ સફળ બનાવેલ. આનંદના ગરબાના દાતા દેવીબેન કાન્તિભાઇ પરમાર રહ્યા હતા. કુકમા મહિલા મંડળ સર્વેનો આભાર વ્યક્ત કરે છે.

## બિલાસપુર મહિલા મંડળ





બિલાસપુર મહિલા મંડળ દ્વારા માસિક મીટીંગ માતૃ દિવસના ઉપલક્ષમાં તા. ૧૮-૦૫-૨૦૨૪ શનિવારના સમાજ ભવનમાં યોજાયેલ હતો. માતૃદિવસના ઉપલક્ષમાં મહિલા મંડળ દ્વારા સહમંત્રી શ્રીમતી દર્શનાબેન પરમારે માતૃ સંબંધીત પ્રશ્નોતરી તૈયાર કરેલ. કાર્યક્રમની શરૂઆત હોસ્ટ શ્રીમતી યોગીતાબેન હિતેશભાઇ પરમાર, શ્રીમતી ઇંદુબેન મુરારીલાલ પરમાર, શ્રીમતી લીનાબેન મહેશભાઇ પરમાર દ્વારા હનુમાન ચાલિસા ગાઇને કરી. ત્યાર બાદ મંત્રી શ્રીમતી મીનાબેન ચૌહાણે ગત મીટીંગની મિનિટ્સ વાંચી સર્વે મેમ્બર્સની બહાલ લીધી સાથે આવતા જુન મહિનાની મીટીંગના હોસ્ટ માટે ચીટ નિકાળવામાં આવી સાથે પંચ્યુલીટી, અને બે ગેમ રમાડવામાં આવી હતી.

પંચ્યુલીટીમાં પ્રથમ ભાવનાબેન પરમાર અને દ્વિતીય કોમલબેન ચૌહાણ રહ્યા હતા. પ્રથમ ગેમમાં સંગીતાબેન પરમાર અને દ્વિતીય દર્શનાબેન ટાંક અને દ્વિતીય મધુબેન ચાવડા વિજયી થયા હતા. માતૃ દિવસના ઉપલક્ષમાં પ્રશ્નોના સાચા જવાબ આપેલ તે બહેનોને મહિલા મંડળ દ્વારા પુરસ્કાર રૂપે પેન આપી તેમનું સન્માન કરેલ હતું. હોસ્ટ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન સાથે પ્રમુખ શ્રીમતી ભારતીબેન યોગેનભાઇ રાઠોડે હોસ્ટનો આભાર વ્યક્ત કર્યા બાદ સૌ છુટા પડ્યા હતા.

## રાયગઢ મહિલા મંડળ





સેવા પરમોધર્મને હૃદયથી સ્વીકારી મહિલા મંડળ રાયગઢે અખાત્રીજ નિમિત્તે આદિ શંકરાચાર્યની જયંતીના શુભ દિવસે પથિકોને પ્રચંડ ગરમીથી તૃપ્ત કરવા માટે છાસ વિતરણની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી. સેવાભાવી મહિલા મંડળ દ્વારા ફરી ૩૧-મેના દિવસે નવતપામાં પથિકોને પ્રચંડ ગરમીથી રાહત આપવા માટે શરબત અને પાણી પાઉચ વિતરણની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ એક દિવસીય સેવા કાર્યનું શુભારંભ રાયગઢના એસ.પી.ના ધર્મપત્ની ડૉ. ઉર્ચિતાબેન પટેલના શુભ હસ્તે દીપ પ્રજ્વલનથી કરવામાં આવ્યું હતું. લગભગ ૮૦૦ ગ્લાસ શરબત અને ૨૬૦ પાણીના પાઉચનું નિઃશુલ્ક વિતરણ મહિલા મંડળની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગુજરાત પ્રા. મ.મંડળ



તા. ૨૬-૦૫-૨૦૨૪ના રોજ વડોદરા ખાતે વડોદરા ઘટકના સોજન્યથી ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળની નવા સત્રની પ્રથમ પ્રત્યક્ષ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગ ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ સાથે સંયુક્ત રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત પ્રભુ પ્રાર્થના તેમજ ગણેશ વંદના સાથે કરવામાં આવી હતી. આપણા સમાજની કલાકાર મુસ્કાન ચાવડા તેમજ રિતિકા ટાંક દ્વારા સુંદર ગણેશ વંદના કરવામાં આવી, મીટીંગનું સંચાલન શ્રીમતી પલ્લવી ચાવડા તેમજ નિરવભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું.

આ મીટીંગમાં ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળના સૌ પ્રથમ લોગોનું અનાવરણ કરવામાં આવ્યું. બપોરના ભોજનની વ્યવસ્થા સમાજ ભવન ખાતે કરવામાં આવી હતી. યુવા તેમજ મહિલા બંનેને અનુકુળ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી સત્રમાં એક-બીજાસાથે મળીને ખૂબ સરસ કામ કરવા માટેના સુંદર આયોજન કરવામાં આવ્યું. ગત સત્રના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું. ખજાનચી પલ્લવીબેન દ્વારા હિસાબનું



વાંચન કરવામાં આવ્યું. સ્પોર્ટસ એથ્લેટ રઘવેન્દ્રસિંહ ઝાલાની ખુબ સુંદર સ્પીચ એન્ડ ટોકનું આયોજન કરવામાં આવ્યું. આભારવિધી સરલાબેન પરમાર દ્વારા કરવામાં આવી.

## આદિપુર મહિલા મંડળ



આદિપુર મહિલા મંડળની તા. ૧૦-૦૬-૨૪ના કીટી પાર્ટીનું આયોજન નીતાબેન ટાંકના ઘરે કરેલ હતું. પ્રભુ પ્રાર્થના બાદ તેમણે સિનુગ્રાથી ખુશાલીબેન ચાવડા અને તેમની ટીમ બોલાવેલ હતી અને મહિલાઓને થતા ગાયનેક પ્રોબ્લેક વિષે સમજણ આપેલ હતી. ત્યાર બાદ હાઉઝી અને એક મિનિટ ગેમ રાખેલ હતી. તેમાં પ્રથમ હીનાબેન ચાવડા, બીજા ક્રમે વંદનાબેન અને ત્રીજા ક્રમે મીતલબેન ચૌહાણ આવેલ. નીતાબેન તરફથી બધાને ઇનામ આપવામાં આવેલ. વેલકમ ડ્રીંક્સ અને છેલ્લે અલ્પાહારની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

## માધાપર મહિલા મંડળ



માધાપર મહિલા મંડળ દ્વારા પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંકની અધ્યક્ષતામાં યુવતી મંડળના સાથ-સહકારથી ૫ થી ૧૫ વર્ષની ઉંમરના બાળકો માટે સમર કેમ્પનું આયોજન રાખવામાં આવેલ. બાળકોના સર્વાંગી વિકાસને અનુલક્ષીને ધાર્મિક શાસ્ત્રો તેમજ પાત્રોનો પરિચય, શ્લોક પઠન, નૈતિક મુલ્યોની સમજ, યોગ, વેસ્ટમાંથી બેસ્ટ, એક મિનિટ ગેમ, ઝુમ્બા ડાન્સ વગેરે પ્રવૃત્તિઓ બહેનો દ્વારા કરાવવામાં આવેલ. પર્યાવરણ દિવસ નિમિત્તે


Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES

- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT

MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

બાળકો દ્વારા વૃક્ષારોપણ કરાવવામાં આવેલ. બાળકોને દરરોજ નાસ્તો, છેલ્લા દિવસે ભોજન અને સ્ટેશનરી કીટ તેમજ ઇનામો આપવામાં આવેલ. મંડળની બહેનોએ આર્થિક સહયોગ આપેલ હતો તેમજ ઋતુબેન મોહિતભાઇ સોલંકી દ્વારા બાળકોની પ્રવૃત્તિઓ માટેની કીટ આપવામાં આવી હતી. કેમ્પમાં ૧૦૦ની સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો.

# સમાજ ગૌરવ



રાયગડા નિવાસી શ્રી વિજયભાઇ ગિરધરલાલ ટાંક અને શ્રીમતી સોનીબેન વિજયભાઇ ટાંકની સુપુત્રી કુ. જીયા વિજય ટાંકએ ધોરણ ૧૨ કોમર્સ પ્રવાહમાં ૯૮.૬૭% મેળવી પોતાની કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કર્ણાટક રાજ્યમાં છઠ્ઠો ક્રમ મેળવી રાયગડા ઘટક તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની શુભકામના...



રાયગડા નિવાસી શ્રી સંજયભાઇ ગિરધરલાલભાઇ ટાંક અને શ્રીમતી રેખાબેન સંજયભાઇ ટાંકની સુપુત્રી કુ. સિયા સંજયભાઇ ટાંકએ ધોરણ ૧૨ આર્ટસ પ્રવાહમાં ૯૪.33% મેળવી રાયગડા ઘટક તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની શુભકામના...



માંડવી (કુકમા) નિવાસી શ્રી જયેશભાઇ મોહનલાલ પરમાર અને શ્રી વૈદેહીબેન જયેશભાઇ પરમારની સુપુત્રી ચિ. ધ્રૂમી પરમારે ધો. ૧૦ બોર્ડની પરીક્ષામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં ૯૯.૯૧ પર્સેન્ટાઇલ (૯૭% પર્સન્ટેજ) સાથે ગુજરાતમાં ટોપ ટેન વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે તેમજ માંડવી કેન્દ્રમાં પ્રથમ અને જિલ્લામાં તૃતિય સ્થાન મેળવી પરમાર પરિવાર તેમજ માંડવી ઘટકનું ગૌરવ વધારવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના.



રાઉલકેલા નિવાસી શ્રી હરીશભાઈ ભગવાનલાલ ટાંક તથા ભાવનાબેન હરીશભાઈ ટાંકના સુપુત્ર ચી.વૈભવ હરીશભાઈ ટાંક એ ધો.૧૨મી (કોમર્સ)ની પરીક્ષા માં ૯૨% માર્કસ મેળવી સ્કૂલ ટોપર બની સમાજ તથા પરિવાર નું ગૌરવ વધારેલ છે. તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ ની શુભકામના.



રાઉલકેલા નિવાસી સ્વ. દેવેન્દ્રભાઈ નવીનભાઈ રાઠોડ તથા શીતલબેન દેવેન્દ્રભાઈ રાઠોડના સુપુત્ર ચી. કુશાન દેવેન્દ્રભાઈ રાઠોડ એ ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા (icse board) માં ૮૫ % માર્કસ મેળવી તથા ઇન્ટર સ્કૂલ મ્યુઝિકલ કમ્પેટીશનમાં પ્રથમ પુરસ્કાર મેળવી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારેલ તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના.



રાઉરકેલા નિવાસી શ્રી હરીશ ભાઈ મોરારભાઈ ટાંક તથા અનિતાબેન હરીશભાઈ ટાંકની સુપુત્રી કુમારી પ્રતીક્ષા હરીશ ભાઈ ટાંક એ ધોરણ ૧૨મી બોર્ડની પરીક્ષામાં ૯૨% માર્કસ મેળવી રાઉરકેલા સમાજ તથા પરિવારનું ગૌરવ વધારેલ તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના.



નાગલપર નિવાસી શ્રીમતી ખ્યાતિબેન ચોહાણની સુપુત્રી જહાન્વી કિરીટભાઈ ચૌહાણ એ શિમલા ખાતે યોજાયેલ ઓલ ઇન્ડિયા આર્ટીસ્ટ એસોસિએશન (AIAA) મધ્યે ૧૦૦૦ આર્ટીસ્ટ વચ્ચે થયેલ હરીફાઈ માં સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. જેમાં ક્લાસિકલ સોલો - પ્રથમ, ક્લાસિકલ ડ્યુએટ - દ્વિતીય, સેમી ક્લાસિકલ ગ્રુપ - પ્રથમ, ત્રણ ક્લાસિકલ ગ્રુપ - પ્રથમ, બે ફોક ગ્રુપ - દ્વિતીય આમ કુલ સાત કૃત્તિઓમાં સિદ્ધિ મેળવેલ છે ! આ હોનહાર દીકરીને નાગલપર ઘટકનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અભિનંદન...

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંચ



**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ આયોજીત

### વૃહદ વૃક્ષારોપણ પર્વ

**તા. ૦૫/૦૬/૨૦૨૪ થી તા. ૨૦/૦૭/૨૦૨૪**

અખિલ ભારતીય યુવા મહામંડળ સામાજીક જવાબદારી નિભાવવાની સાથે પર્યાવરણની સુરક્ષા માટે પણ પૂર્ણ રૂપે કટીબદ્ધ છે. આ હેતુને ધ્યાનમાં રાખતા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃહદ વૃક્ષારોપણ પર્વ-૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ છે. **સર્વે પ્રાદેશિક યુવા મંડળો તેમજ ભારતભરના યુવા મંડળોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ દિનાંક : ૫ જુન–૨૦૨૪, થી દિનાંક : ૨૦ જુલાઈ–૨૦૨૪ ના એક માસ દરમ્યાન તેમના ક્ષેત્રમાં વૃક્ષારોપણ કરી અને તેમની સુરક્ષા અને સાર–સંભાળ માટે શપથ લઈ પર્યાવરણ સુધારણામાં પોતાનું યોગદાન આપે.** સર્વે યુવા મંડળોને નમ્ર વિનંતી કે, તેઓ પોતાના ક્ષેત્રોમાં વૃક્ષારોપણનું અચૂક આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવે તેમજ નીચે આપેલ સંપર્ક સુત્રને તેમના કાર્યક્રમનો અહેવાલ તેમજ ફોટોગ્રાફ આપવા જેથી આ આયોજના ફોટોને સેતુ સમાજ સંદેશમાં સ્થાન આપી શકાય.

**:: સંપર્ક સુત્રો ::**

અનમોલ મહેન્દ્રભાઈ ટાંક (પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર)
9685469888

પેયલ સુમિતભાઈ ચાવડા (પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર)
8839065084

**:: વિનિત ::**

| | | |
|---|---|---|
| પ્રતિક દિનેશભાઈ ટાંક | ગૌરવ જગદીશભાઈ ટાંક | હેતુલ યતિનભાઈ જેઠવા |
| વરીષ્ઠ મહામંત્રી | પ્રમુખ | મહામંત્રી |

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ આયોજીત

### "Smart Eat... Healthy Future"

અખિલ ભારતીય યુવા મહામંડળ સૌ સમાજજનો સમક્ષ લાવી રહ્યું છે શરીને તંદુરસ્ત અને નિરોગી રાખવા માટે જેની ખાસ જરૂર છે તે પૌષ્ટીક આહાર ક્યારે અને કેવો આરોગવો તેમજ આહારની શુદ્ધીને લગતી તમામ માહિતિ આપશે આપણા સમાજના નિષ્ણાંત **ડાયટીશીયન શ્રીમતી હિનલ ક્રિતેશભાઈ ચૌહાણ** તેઓ **તા. ૧૪/૦૭/૨૦૨૪, રવિવારના સાંજે ૪.૦૦ કલાકે યુવા મહામંડળના ઓફીશીયલ ફેસબુક પેજ પર**થી આપણા આરોગ્યને સ્વસ્થ રાખવા માટેના ભોજનની માહિતિ. તમામ યુવાઓએ આ ઓનલાઈન સેશનના લાભ લેવા આત્મિય નિમંત્રણ પાઠવવામાં આવે છે.



**ટ્રેનર : શ્રીમતી હિનલ ક્રિતેશભાઈ ચૌહાણ (ડાયટીશીયન)**
**પ્રોજેક્ટ કો–ઓર્ડીનેટર : ડૉ. નેહલ મકવાણા - 9096883520**
**ફેસબુક પેજ : Akhil Bharatiya Yuva Maha Mandal**



**:: વિનિત ::**

| | | |
|---|---|---|
| પ્રતિક દિનેશભાઈ ટાંક | ગૌરવ જગદીશભાઈ ટાંક | હેતુલ યતિનભાઈ જેઠવા |
| વરીષ્ઠ મહામંત્રી | પ્રમુખ | મહામંત્રી |

# ગુજરાત પ્રા. યુવા મંડળ




ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા દ્વિતીય કાર્યક્રમ યુવા મીટ-૨૦૨૪નું ભવ્ય આયોજન તા. ૨૬-મે-૨૦૨૪, રવિવારના રોજ વડોદરા સમાજ ભવન મધ્યે કરવામાં આવેલ હતું. જેમાં અલગ અલગ ઘટકમાં રહેતા ગુજરાત પ્રાદેશિક યુવા મંડળના કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા અને આ અભૂતપૂર્વ આયોજનમાં પોતાનો કીંમતી સમય, સહયોગ અને સહકાર આપી આ કાર્યક્રમની શોભા વધારી હતી. દરેક યુવા સાથીઓનું વડોદરા ઘટક અને યુવા મંડળ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યુવા મીટમાં પ્રથમવાર ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ અને ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ સાથે મળીને આ કાર્યક્રમનું આયોજન કર્યું અને તેમાં વડોદરા ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળ ટીમનો ખુબ સહકાર મળ્યો હતો.

વડોદરા યુવા મંડળ, વડોદરા ઘટક તથા શ્રી જગદીશભાઇ પુરૂષોત્તમભાઇ વરૂ - વડોદરા દ્વારા આ કાર્યક્રમ માટે આર્થિક સહયોગ મળ્યો હતો. સવારે ૧૦ વાગ્યે દિપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી ત્યાર બાદ વડોદરા ઘટકની બે બાલીકાઓ કુ. મુસ્કાન ચાવડા અને કુ. રિતિકા ટાંકએ ગણેશવંદનાની પ્રસ્તુતિ રજુ કરી હતી. ત્યાર બાદ નિરવભાઇ મનહરભાઇ વાઘેલા એ દરેક મહાનુભાવોને મંચમાં સ્થાન અપાવ્યું હતું. ત્યાર બાદ મંચસ્થ મહાનુભાવોનું આતિથ્ય સત્કાર કરી, પ્રમુખ શ્રી નિલેશભાઇ પ્રતાપભાઇ સોલંકીએ પોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યારબાદ ગુ.પ્રા.યુવા મંડળના પૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન અને દરેક કાર્યકર્તાઓ દ્વારા વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો અને તે લોકો સમાજને કઇ રીતે ઉપયોગી થઇ શકે તેમજ યુવા ઉત્કર્ષના કાર્યો માટે કઇ રીતે ભાગીદાર બની શકે તે માટે પાતાના વિચારો રજુ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમની ઝલક ઉર્વી દિનેશભાઇ ચૌહાણ અને ધ્રુવી પંકજભાઇ ચૌહાણ કેમેરામાં ઉતારી હતી. કાર્યક્રમમાં ટેકનીકલ સપોર્ટ પૂજન જીતેન્દ્રભાઇ રાઠોડ દ્વારા મળેલ હતો. બપોરના પ્રીતિ ભોજન બાદ કાર્યક્રમની રૂપરેખાને આગળ વધારતા ગુ.પ્રા.યુવા મંડળની કાર્યકર્તાની મીટીંગ રાખવામાં આવેલ. આ મીટીંગમાં આગામી ત્રણ વર્ષમાં કાર્યક્રમના એજન્ડા પર વિચાર-વિમર્શ કરવામાં આવેલ. જેમાં દરેક કાર્યકર્તાઓએ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.



આ મીટીંગ બાદ ગુ.પ્રા. યુવા મંડળ અને ગુ.પ્રા.મહિલા મંડળની સંયુક્ત રમતનું આયોજન કરેલ. જેમાં અમદાવાદ ઘટકથી પધારેલ અજય બલરામભાઇ રાઠોડ તથા હિમાલી દિનેશભાઇ પરમારે સૌને રમતો રમાડી હતી. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મુખ્ય અતિથિ એવા અલ્ટ્રામેન ઓસ્ટ્રેલીયા-૨૦૨૪ શ્રી રાઘવેન્દ્રસિંહ ઝાલાએ આ કાર્યક્રમમાં હાજરી આપીને આ આયોજનને વધુ યાદગાર બનાવ્યું હતું. મહામંત્રી શ્રી તુષારભાઇ હિમાંશુભાઇ ચાવડા દ્વારા એમનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તેઓએ પ્રશ્નોતરી દ્વારા એમની

જીવનશૈલી અને ઉપલબ્ધીઓ પર ચર્ચા કરી અને લોકોએ સોશ્યલ મિડિયાથી દૂર રહી પોતાના સ્વાસ્થ્ય માટે સમય કાઢવાની સલાહ આપી હતી. આજનો યુવા ફિટનેસ અને હેલ્થ વિશે જાગૃત થાય એ માટેની ખુબ સારી જાણકારી આપી તથા યુવાઓના ફિટનેસ રીલેટેડ પ્રશ્નો અંગે ખુબજ સહજતાથી સમજ આપી હતી. ત્યાં પધારેલ સર્વે કાર્યકર્તાઓને યાદગીરી રૂપે મોમેન્ટો આપવામાં આવેલ જેની વહેંચણી શશીકાંતભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં બહારથી આવેલા મહેમાનોને ટ્રાન્સપોર્ટેશન તથા હેલ્પ ડેસ્કની સેવા મિતેશભાઇ ગૌતમભાઇ પરમાર તથા પલકભાઇ પિયુષભાઇ ચૌહાણ દ્વારા આપવામાં આવી હતી.

અભિષેક મહેન્દ્રભાઇ ચૌહાણ તથા મયુર દિલીપભાઇ યાદવ દ્વારા કાર્યકર્તા દ્વારા આવેલ સુઝાવ નોંધવામાં આવેલ હતા તથા નિકુલ મહેન્દ્રભાઇ ચૌહાણ તથા પ્રાજલી પરેશભાઇ રાઠોડ દ્વારા ફરાશખાનાની જવાબદારી સંભાળી હતી. ત્યાર બાદ સાંજે ૬ વાગે વડોદરા યુવા મંડળ પ્રમુખ શ્રી નીરવભાઇ મહેન્દ્રભાઇ ચૌહાણ દ્વારા આભારવિધી કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

## છત્તીસગઢ પ્રા. યુવા મંડળ

છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ દ્વારા લોકતંત્રના મહાપર્વ ચુનાવને ધ્યાનમાં રાખતા સાથે મતદાન જાગૃતિના ભાગે પ્રમુખ શ્રી ચંદ્રેશભાઇ ટાંક - રાયગઢના માર્ગદર્શન હેઠળ અને આયોજન પ્રભારી શ્રીમતી હનીબેન અમિતભાઇ ટાંક - રાજનાંદગાંવ, કુ. પૂજા સરુશેભાઇ ગોહિલ - દુર્ગના નેતૃત્વમાં રિલ્સ મેકીંગ સ્પર્ધા થીમ મતદાતા જાગ્રુતતા ઉપર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સ્પર્ધામાં વિજેતાઓને પ્રથમ ૧૦૦૧, દ્વિતીય ૭૦૧, તૃતિય ૫૦૧ સાથે પ્રોત્સાહન અને પ્રેસીડેન્ટ ચોઇસ એવોર્ડ આપવામાં આવેલ.

આયોજનના પ્રભારી જેમના સાથ-સહકારથી આયોજન સફળ થયું એવા પ્રાયોજક શ્રી ખુશાલભાઇ ચાવડા - પ્રમુખશ્રી ડોંગરગઢ, શ્રી વાસુદેવભાઇ વરૂ - રાજનાંદગાંવ સાથે ગુપ્ત દાન મળેલ. સ્પર્ધામાં કુલ ૧૭ વીડીયો મળેલને વિડિયોની ચકાસણી કરી વિજેતાઓને ઘોષિત કરવામાં આવેલ.

સમગ્ર આયોજનની સફળતા માટે શ્રી ચંદ્રેશભાઇ દ્વારા સર્વે પ્રતિભાગી, પ્રાયોજક, પ્રભારી, ટીમનું આભાર માની ધન્યવાદ આપેલ.

## અંજાર યુવા મંડળ






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સયુવા મંડળ અંજારના અધ્યક્ષ શ્રી મુકેશભાઇ હરીભાઇ ખોડિયાર તેમજ સમગ્ર ટીમના નેતૃત્વમાં સત્ર દરમ્યાન વિવિધ સમાજલક્ષી કાર્યો કરવામાં આવ્યા હતા. સત્રના અંતે યુવા શક્તિ માટે નાઇટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીના નેતૃત્વમાં અંજાર ઘટકના સમાજબંધુઓ માટે અટક મુજબ ૨૨ ટીમો સાથે ત્રણ દિવસીય માનવ સ્કવેર બોક્ષ ક્રિકેટ મધ્યે શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી)ના મુખ્ય દાતાશ્રીના સહયોગથી સુંદર આયોજન કરવામાં આવેલ હતું. મુકેશભાઇ ખોડિયારના ટુંકા સત્ર દરમ્યાન વિવિધ આયોજનો સાથે સમાજલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે નિઃશુલ્ક નવરાત્રી મહોત્સવ દરમિયાન બેઠક વ્યવસ્થા માટે ૩૦૦ નંગ ખુરશી તેમજ પ્રાર્થના સભા હોલ મધ્યે કારપેટ નંગ ૧૦ સમાજને અર્પણ કરેલ હતી તેમજ અંજાર ભવન મધ્યે વિશ્રાંતી ભવન-૨ બાંધકામ માટે રૂા. ૨,૧૧,૧૧૧/-નો ચેક અર્પણ કરીને સહયોગ આપેલ હતો. તેમના નેતૃત્વ તેમજ ટીમના સાથ-સહકારથી સમાજલક્ષી કાર્યો કરવામાં આવ્યા હતા. મુકેશભાઇ હરીભાઇ ખોડિયાર તેમજ ગીરીશભાઇ પરમાર, પ્રતિકભાઇ ટાંક, પ્રતિક ખોડિયાર, વિજયભાઇ પઢિઆર, હિનેશ રાઠોડ, મિત ચૌહાણ, કિરણ વરૂ, નિરવ પરમાર, રોહિત જેઠવા, રાજ ગોહીલ, જેપીન રાઠોડ, સંદીપ ટાંક, રૂપેશ ટાંક, જીગર વેગડ, મોહિત ટાંક, યોગીતાબેન ચાવડા, મહેશભાઇ જેઠવા, શિલાબેન સોલંકી, ક્રિતિકાબેન જેઠવા તમામ ટીમ સાથે હળીમળીને સુંદર આયોજન સફળ બનાવ્યા હતા.

## રાજસ્થાન પ્રા. યુવા મંડળ

રાજસ્થાન પ્રાદેશિક યુવા મંડળની સત્ર ૨૦૨૪-૨૦૨૬ના નવા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ. જેમાં પ્રમુખ - શ્રી હિમાંશુ વિનોદ ભાઈ રાઠોડ - જયપુર, ઉપપ્રમુખો - શ્રી સોનક હરીશ ભાઈ ટાંક-જયપુર, કુ.તરૂ દેવેન્દ્રભાઈ ચાવડા - જયપુર, મહામંત્રી - કુ. ખનક હિતેશ ભાઈ ચૌહાણ - જયપુર, ખજાનચી - શ્રી શ્રેય સંજયભાઈ ટાંક - જયપુર, મંત્રીશ્રીઓ - શ્રીમતી દર્શિકા સોનક ભાઈ ટાંક - જયપુર, શ્રી વિપિન લીલાધર ભાઈ રાઠોડ - ઈન્દોર, શ્રી હિતેશ અર્જુન ભાઈ ટાંક - જયપુર, શ્રી ચેતન એન ચૌહાણ - ઉદયપુર, સહમંત્રીશ્રીઓ - શ્રી પરેશ ભાઈ ટાંક-ઈન્દોર, શ્રી ત્રિલોક એસ પરમાર-ઉદયપુર, શ્રી કૌશિલ શ્રયેશ ભાઈ ચૌહાણ-જયપુર, શ્રી દેવ જગદીશ ભાઈ રાઠોડ-કોટા.

## સમાજ ગૌરવ




ભિલાઇ નિવાસી ઉત્તમભાઇ ખોડિયારના સુપુત્ર હર્ષ ખોડિયારે નાગપુર આયોજીત નેશનલ પૈરા આર્મ વ્રેસલીંગ (આર્મ વ્રેસલીંગ) ચેમ્પીયનશીપમાં જુનીયર તેમજ સીનીયર વર્ગમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કરેલ છે તેમજ વર્લ્ડ ચેમ્પીયનશીપ માટે ક્વોલીફાય થયેલ છે તેમની આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના....



જયપુર ઘટકના સભ્ય શ્રી ખુશાગ્ર તરૂણભાઇ ટાંક યંગ એન્ટરપ્રેન્યુર રૂપે ચાઇનામાં નવ દિવસની દ્વિરાષ્ટ્રીય સંબંધ માટે ચાઇનાના સાંસ્કૃતિક કાર્યાલય તરફથી નિમણુંક થયેલ. ભારતમાંથી ૧૦ જેમાં રાજસ્થાનના બે પ્રતિનિધિ મંડળ યંગ એન્ટરપ્રેન્યુર તા. ૭ થી ૧૫ મે-૨૦૨૪ માટે બેઇજીંગ, હેબેઇ અને સિયુઆનમાં ચીનના વ્યાપારીઓથી મુલાકાત લીધી. ત્યાં ચીનના કારખાના, યુનિવર્સિટીઓ, પ્રખ્યાત સાંસ્કૃતિક આકર્ષણો, સ્મારકો, ત્યાંના વિશેષ લોકોથી મુલાકાત કરી અને બે રાષ્ટો વચ્ચે સારા સંબંધ બનાવવાનું કાર્ય કરેલ. આ સિદ્ધી બદલ જયપુર ઘટક તરફથી ખુશાગ્ર ટાંકને હાર્દિક અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના....

## નાગપુર યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર યુવા મંડળ દ્વારા દ્વારા રવિવાર, ૧૬ જૂન-૨૦૨૪ના વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કરી અને તેમની સુરક્ષા અને સાર-સંભાળ માટે શપથ લઈ પર્યાવરણ સુધારણામાં પોતાનું યોગદાન આપવાની પહેલ કરી હતી.

## સગપણ-લગ્ન નોંધ

ધનબાદ (રેહા) નિવાસી શ્રી હિતેશભાઇ પરમારના સુપુત્ર ચિ. વૈભવના શુભ લગ્ન દુર્ગ (અંજાર) નિવાસી શ્રી મનોજભાઇ ઇશ્વરભાઇ પઢિઆરની સુપુત્રી ચિ. સ્વાતી સાથે તા. ૨૩-૦૪-૨૦૨૪ના રોજે દુર્ગ ઘટકમાં સપન્ન થયેલ છે.

## અનંતની યાત્રાએ...

જયપુર (રાજસ્થાન) (સિનુગ્રા) નિવાસી શ્રી મહેન્દ્રભાઇ જાદવજીભાઇ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૨૩-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (માધાપર) નિવાસી સ્વ. રમેશભાઇ શાંતિલાલભાઇ રાઠોડ (ઉ.વ.૬૦)નું તા. ૨૪-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન દયારામભાઇ વરુ (ઉ.વ.૮૦)નું તા. ૨૦.૦૫.૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (રેહા) નિવાસી ગં.સ્વ. મણીબેન મોરારજીભાઇ પરમાર (ઉ.વ.૮૫)નું તા. ૧૫-૦૬-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (માધાપર) નિવાસી સવિતાબેન જગમાલભાઇ વેગડ (ઉ.વ.૭૮)નું તા. ૨૩-૦૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (હાજાપર) નિવાસી ગં.સ્વ. દયાબેન જયંતીભાઇ પરમાર (ઉ.વ.૮૨)નું તા. ૬-૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (માધાપર) નિવાસી શ્રી હેમંતભાઇ મુરજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૧)નું તા. ૧૦-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (માધાપર) નિવાસી શ્રી રાજેન્દ્રભાઇ રણછોડભાઇ ચાવડા (ઉ.વ.૭૨નું તા. ૧૮-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (દેવરીયા) નિવાસી શ્રી દિપકભાઇ જેઠાલાલભાઇ ચાવડા (ઉ.વ.૬૧)નું તા. ૨૦-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (હાજાપર) નિવાસી મધુબેન ગિરીશભાઇ પરમાર (ઉ.વ.૬૪)નું તા. ૦૩-૦૬-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (નાગલપર) નિવાસી ગં.સ્વ. કાન્તાબેન ધારશીભાઇ રાઠોડ (ઉ.વ.૮૭)નું તા.૧૧-૦૬-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

સોનગઢ (અંજાર) નિવાસી શ્રી વિનોદભાઇ કરશનભાઇ જેઠવા (ઉ.વ.૮૪)નું તા. ૧૫-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (કુકમા) નિવાસી ત્રિવેણીબેન લક્ષ્મણભાઇ ચૌહાણ (ઉ.વ.૯૫)નું તા. ૧૫-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

રાયગઢ (કુંભારીયા) નિવાસી ભાગીરથીબેન વલમજીભાઇ સાવરીયા (ઉ.વ.૮૬) (સકલ ગુજરાતી સમાજ દુર્ગ જીલ્લાના મંત્રી)નું તા. ૧૭-૦૬-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ભિલાઇ (દેવળીયા) નિવાસી શ્રી કિશોરભાઇ મોરારજીભાઇ ચાવડા (ઉ.વ.૮૫)નું તા. ૦૨-૦૬-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

મુંબઇ (કુંભારીયા) નિવાસી શ્રી લલીતભાઇ દામજીભાઇ રાઠોડ (ઉ.વ.૮૩)નું તા. ૧૫-૦૪-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

પુના (દેવળીયા) નિવાસી મુકતાબેન મોરારભાઇ મારૂ (ઉ.વ.૯૨)નું તા. ૧૮-૦૫-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

## 'જીંદગી'

જીંદગીમાં આવવું છે ખાલી હાથે એકલું,
જીંદગીથી જાવું પણ છે ખાલી હાથે એકલું.
જ્યારે ચોરીયાસી લાખ ફેરા ટાળ્યા છે,
ત્યારે મનુષ્ય જીવન મેળવ્યું છે.
જી આવે એને પાછું જાવું તો છે જ,
વચમાં જીંદગી જીવવાની પણ છે જ.
સૌભાગ્યથી મનુષ્ય અવતાર મળ્યો,
સત્તકર્મ કરી સ્વર્ગમાં સ્થાન મેળવો.
પ્રભુનું નામ સ્મરણ તમે ભેગું કરો,
પુણ્ય કમાવવાની સંધિ ના છોડો.
પૈસા કમાવવા સાથે માણસો જોડવા છે,
સંબંધો જ તો જીવનની સાચી પૂંજી છે.
જીવનમાં તૂફાનો ઘણાં આવશે,
સમજદારી હશે તો નૈયા પાર લાગશે.
સુખ-દુઃખ જીવનમાં આવ્યા કરે,
મલમ લગાડવાનું કામ સમય જ કરે.
કર્ણની જેમ નિઃસ્વાર્થ દાની બનીએ,
કૃષ્ણને સુદામા જેવી દોસ્તી નિભાવીએ.
જીવનમાં તકલીફો ઓછા કરવા,
સ્નેહ, પ્રેમ, સંસ્કાર અપનાવવા.
મોટાનું આદર કરી નાનાને આશીવૃદ આપી,
જીવનની જંગ જીતી જાવ આખી.
જીવનમાં જો તમે દયા કરશો,
તો લોકો તમને યાદ કરશે વરસો.
જીવનમાં લોકોની ભલાઇ કરશો,
તો ભગવાન પણ તમને લાભ આપશે વરસો.
લાભ આપસે વરસો....



સૌ. અરૂણા વિ. યાદવ
પુના
મો. ૯૯૨૨૪૪૬૧૨૬

## મંગળ પરિચય



# Pinal P. Chawda

| | | |
|---|---|---|
| Date of Birth | : | 23/7/1996 |
| Palce of Birth | : | Anjar |
| Time of Birth | : | 5.00 am |
| Height | : | 5'5" |
| Gotra | : | Kashyap |
| Kuldevi | : | Shri Brahmani Maa & Sikotar Maa (Vahanvati Maa) Devaliya |
| Edu.Quali | : | B.Com., M.Com., ITI (Copa) |
| Occupation | : | Accuracy Shipping Ltd. (Galpadar) |
| Father | : | Prafulbhai Devjibhai Chawda (Water Supply Board, Govt. Of Guj.) |
| Mother | : | Divyaben (Housewife) |
| Sister (Elder) | : | Khyati Jay Vegad (Married) |
| Brother (Ygr.) | : | Pratik Chawda (Ele. Engg., working at Adani Power Ltd.) |
| Hobbies | : | Music, Travelling |
| Address | : | Plot No. 41-A, Chitrakut Society-2, Anjar (Kutch) |
| Contact No. | : | Home - 8487904823, 9909804823 |

*ગુજરાતમાં રહેતા લોકો એજ સંપર્ક કરવો.


## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



જન્મ
૨૨.૬.૧૯૩૭

સ્વર્ગવાસ
૧૧.૬.૨૦૨૪

### સ્વ.કાંતાબેન ધારસીભાઈ રાઠોડ

હાલ મુકામ : ગોંદિયા, દેશમાં ગામ : નાગલપર

તમારા સ્નેહ, હસમુખ મુખારવિંદ, મિલનસાર સ્વભાવ તથા કુટુંબ પ્રત્યેની સમર્પણ અમ સૌને આશિર્વાદ રૂપે હમેશા પ્રેરણા આપતી રહેશે.
ઈશ્વર દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે
ૐ શાંતી ....... શાંતી ........ શાંતી .........

### શોકમગ્ન પરિવારજન

| | |
|---|---|
| રમેશભાઈ ધારસીભાઈ રાઠોડ | સ્વ.મધુબેન તથા હેમંતભાઈ ચાવડા |
| હરિશભાઈ ધારસીભાઈ રાઠોડ | સૌ.પુષ્પાબેન તથા વિનોદરાય ટાંક |
| સૌ.મીતાબેન હરિશભાઈ રાઠોડ | સૌ.રાધિકાબેન તથા પ્રવિણભાઈ ચૌહાણ |
| પ્રતિકભાઈ રમેશભાઈ રાઠોડ | સૌ.મીનાબેન તથા મહેશભાઈ ચૌહાણ |
| સૌ.પ્રિયંકા પ્રતિકભાઈ રાઠોડ | સૌ.કિંજલ તથા તેજશભાઈ ચૌહાણ |

માનશી, હિરલ, તનય, લક્ષ, ખનિકા તથા સમસ્ત રાઠોડ પરિવાર

**ડી.એન.રાઠોડ એન્ડ કંપની તથા રાઠોડ એજન્સી**
રેસ્ટ હાઉસના સામે, ગોંદિયાસીટી M. 9860951121 / 9890918177



FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC INDIA
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O

MDRT®



Mitesh J. Khodiyar

### आत्मिय प्रियजन,

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम **मितेष जे. खोडियार** है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

### भविष्य सुरक्षा हेतु सुझाव

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

**घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।***

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO General Insurance — Muskurate Raho
Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

# તૃતિય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શિવજીભાઇ વીરાભાઇ ચૌહાણ

જન્મ ૨૨-૦૮-૧૯૩૬ | સ્વર્ગવાસ ૦૮-૦૭-૨૦૨૧

**મૂળ ગામ : નાગોર, હાલ મુકામ : નાગપુર (મહારાષ્ટ્ર)**

न जायते म्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो- न हन्यते हन्यमाने शरीरे ॥

શ્રદ્ધાંજલિ માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે છે, હરદમ તમારો હોવાનો આભાસ રહ્યા કરે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે, દરેક કાર્યોમાં આપના આશીર્વાદના અહેસાસ થયા કરે છે.
પ્રભુ આપની દિવ્ય આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**:: આપના પરિવારજનો ::**

સ્વ. સુશિલાબેન શિવજીભાઇ ચૌહાણ (નાગપુર) - ધર્મપત્ની
પ્રતિમાબેન ભરતભાઇ મારૂ (બિલાસપુર) - દીકરી-જમાઇ
નીતાબેન દિનેશભાઇ રાઠોડ (રાયપુર) - દીકરી-જમાઇ
સ્વ. છાયાબેન દિનેશભાઇ પરમાર (પરલી) - દીકરી-જમાઇ
ઇન્દિરાબેન પ્રશાંતભાઇ ચૌહાણ (નાગપુર) - પુત્રવધુ-પુત્ર
રીતાબેન સ્વ. સંદિપભાઇ ચૌહાણ (પુણે) - દીકરી-જમાઇ

વિનિત
યથાર્થ પ્રશાંતભાઇ ચૌહાણ (નાગપુર) - પૌત્ર

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. નવનીતભાઇ કલ્યાણજી પરમાર

અવતરણ ૨૧-૦૯-૧૯૩૬ | રામશરણ ૨૭-૦૫-૨૦૨૪

**દેશમાં ગામ : હાજાપર, હાલ મુકામ : હૈદ્રાબાદ**

આપ પરિવારના સદાય પથદર્શક રહ્યા છો, તમોએ આપેલ સરળ જીવન, ઉચ્ચ વિચાર, પ્રમાણિક વ્યવહાર અને નિષ્કપટ વાણીના વ્યવહારને સદાય અમો આત્મસાત કરશું. પરિવાર તમારા માટે મંદિર હતું, તેવા અમારા માર્ગદર્શક અને પથદર્શક વડીલ જેમના દરેક વિચારમાં દાન, ધર્મ અને નીતિ વસેલી હતી. તમોને યાદ કરતા સદૈવ તમારા માર્ગે ચાલશું....

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. કલાબેન નવનીતભાઇ પરમાર | (ધર્મપત્ની) |
| સ્વ. કાશીબેન કલ્યાણજીભાઇ ચાવડા | (માતા-પિતા) |
| સ્વ. અમરતબેન લાલજીભાઇ ચાવડા | (સાસુ-સસરા) |
| કનિકાબેન સંજયભાઇ પરમાર | (પુત્રવધુ-પુત્ર) |
| પલકાબેન વિશાલભાઇ પરમાર | (પુત્રવધુ-પુત્ર) |
| ગં.સ્વ. નર્મદાબેન મુકુન્દભાઇ પરમાર | (ભાભી-ભાઇ) |
| તારાબેન અમરનાથભાઇ પરમાર | (ભાભી-ભાઇ) |
| કામિનીબેન અરવિંદભાઇ પરમાર | (ભાભી-ભાઇ) |
| ગં.સ્વ. કંચનબેન જયંતીભાઇ ચૌહાણ | (બહેન-બનેવી) |
| અનુષ્કા સંજયભાઇ પરમાર | (પૌત્રી) |
| નાચિષા વિશાલભાઇ પરમાર | (પૌત્રી) |
| રૂહાન વિશાલભાઇ પરમાર | (પૌત્રી) |

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ







## સ્વ. મગનભાઈ કુંવરજીભાઈ વરૂ

પૂર્વ ખજાનચી - રાયપુર ઘટક અને મંત્રી - શ્રી ક.ગુ.ક્ષ સાર્વજનિક ટ્રસ્ટ
અંજાર (કચ્છ)     કર્મભૂમિ : રાયપુર (છ.ગ.)

આપની મીઠી અમીદ્રષ્ટી પરિવાર પર સદાય વરસતી રહે છે. આપના સિદ્ધાંતો અને આદર્શો સદાય આપની યાદ અપાવતા રહે છે અને અમે પણ એજ પથ પર ચાલી આપની પ્રણાલીને અનુસરીએ છીએ. અમારા જીવનમાં સતત નવચેતનાનું સિંચન કરતાં આપના ઉપકારોને કોટી-કોટી વંદન કરીએ છીએ... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શ્રદ્ધાનવત શોકાકુલ ::

જ્યોત્સનાબેન મગનભાઈ વરૂ (પત્ની)
અ.સૌ. મીનાબેન - અતુલભાઈ મગનભાઈ વરૂ (પુત્ર)
અ.સૌ. ભાવનાબેન - હિતેશભાઈ મગનભાઈ વરૂ (પુત્ર)
અ.સૌ. નીતાબેન અનિલભાઈ ચાવડા (પુત્રી - જમાઈ)
અ.સૌ. મનીષાબેન - પ્રખર (પૌત્રવધુ-પૌત્ર), દેવાશીષ, માહી વરૂ (પૌત્ર-પૌત્રી)
કુ. દેવિશા પ્રખર વરૂ (પરપૌત્રી)

**પ્રતિષ્ઠાન : ● વરૂ કૃષિ ફાર્મ ● ટેન્શન ફ્રી એગ્રો ટૂરિઝમ**

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

**Shraddha Complex, Adani School Rd, Near Zero Point, Mundra 370421.**

---

**Home Address:**

**Girinarayan Street, Mandvi Chock, Old Bandar Road, Mundra 370421.**

---

**Contact Address:**

**+91 93246 85342**
**+91 99208 43135**

**surbhiclothing@gmail.com**


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)


ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...
સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

# VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
# VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda | Abhilasha A. Chawda**

**(Chandia)**




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric

AVOCAB WIRES & CABLES

HPL The Power of Technology

connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

**UNITRON**
*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on July-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.


|| જય સીયારામ ||



# ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
**PAN NO. AABTS 4600 B**

- રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
- રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
- રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
- રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
- રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
- રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

**આપના વિનમ્ર**

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.